RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 256* Date: 13.07.2020 * Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### દેશમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૮.૪૯ લાખ પર પહોંચી

# કોરોના મહાસંકટ: દેશમાં ૨૪ કલાકમાં સૌથી વધુ ૨૮,૬૩૭ કેસ

### અત્યાર સુધી ૨૨ હજાર ૬૮૭ લોકોના મોત, રિકવરી રેટ વધીને ૬૨.૯૨ થયો મહારાષ્ટ્રમાં ૮૧૩૯ સંક્રમિત મળ્યા, જે એક દિવસમાં મોટો આંકડો

નવી દિલ્હી,તા.૧૨

સમગ્ર દેશમાં અનલોક-૨ના ૧૧મા દિવસે કોરોના સંક્રમણના શનિવારે સૌથી વધુ ૨૮ હજાર કરતાં વધારે કેસો નોંધાતા આરોગ્ય તંત્રમાં ખળભળાટ મચી ગયો હતો. સતત પાંચમા દિવસે ૨૫ હજારની આસપાસ આવતાં કેસો હવે ૨૭ હજારની આસપાસ પહોંચી ગયા છે. આજે રવિવારે સવારે છેલ્લાં ૨૪ કલાકના જાહેર કરાયેલા આંકડા પ્રમાણે, ગઈકાલે ૨૮૬૩૭ નવા કેસો નોંધાયા હતા. અને ચાર જ દિવસમાં એક લાખ કેસો વધી ગયા હતાં. છેલ્લાં ૨૪ કલાકમાં વધુ ૫૫૧ના મોત થયા હતા અને આ સાથે જ કુલ કેસો વધીને ૮,૫૦, ૩૫૮ થયા હતા. જ્યારે સારવાર હેઠળના કેસો વધીને ૨,૯૧,૦૫૮ થયા હતા. તો સાજા થયેલા લોકોની સંખ્યા વધીને ૫,૩૬,૨૩૧ પર પહોંચી હતી. જ્યારે મૃત્યુઆંક વધીને ૨૨,૬૮૭ થયો હતો.જ્યારે બોલીવુડના મહાનાયક અમિતાભ બચ્ચન અને તેમના પુત્ર અભિષેકને પણ કોરોના પોઝીટીવ આવતાં મુંબઈની નાણાવટી હોસ્પિટલમાં ગઈકાલે મોડી રાત્રે દાખલ કર્યા બાદ આજે તેમની સ્થિતિ સ્થિર હોવાનું જાહેર કરાયું હતું. તો મુંબઈમાં રાજભવનના ૧૮ કર્મચારી પોઝિટિવ મળ્યા છે.

રાજ્યના હોમ ગાર્ડ મંત્રી અને પૂર્વ ક્રિકેટર ચેતન સિંહ ચૌહાણનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જ્યારે, રાજસ્થાનમાં જોધપુર કલેક્ટર ઈન્દ્રજીત સિંહના પત્ની અને દીકરી પણ પોઝિટિવ મળી આવ્યા છે. દેશમાંમાં કોરોના વાઈરસ જાણે થમવાનું નામ ન લેતો હોય તેમ દિવસેને દિવસે કેસો વધી રહ્યાં હોય તેમ સુક્રવારે ૨૭ હજાર કરતાં વધારે તો શનિવારે ૨૮ હજાર કરતાં વધારે કેસો નોંધાયા હતા. એમ મનાય છે કે લોકલ ટ્રાન્મિશન વધી રહ્યું છે. અલબત્ત, કોમ્યુનિટી ટ્રાન્મિશનનો સરકાર દ્વારા ઈકાર કરાયો છે. તમામ પ્રયાસો બાદ પણ દેશમાં કોરોનાનો કહેર હજુ પણ યથાવત છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૮,૦૦૦થી વધારે કેસ નોંધાયા છે અને ૫૧૧ લોકોના મોત થયા છે. આ સાથે જે દેશમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૮ લાખ ૫૦ હજારને નજીક પહોંચી ગઈ છે. રવિવારે સવારે સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, દેશમાં ૨૮,૬૩૭ નવા કેસ નોંધાયા છે. જેને કારણે હવે કુલ સંક્રમિત લોકોની સંખ્યા ૮,૫૦,૫૫૩ પર પહોંચી ગઈ છે. ત્યાંજ છેલ્લા ૨૪ કલાકમાં ૫૫૧ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં કોરોનાનો મૃત્યુઆંક ૨૨,૯૭૪ પર પહોંચી ગયો છે. દેશમાં અત્યાર સુધી ૫,૩૪,૬૨૧ લોકોએ કોરોનાને માત આપી દીધી છે. રિકવરી રેટ વધીને ૬૨.૯૨ પર પહોંચી ગયો છે. આ ઉપરાંત પોઝિટિવિટી રેટ ૧૦.૨૨ પર પહોંચી ગયો છે. સૌથી વધુ મહારાષ્ટ્રમાં ૮૧૩૯ લોકો સંક્રમિત મળ્યા હતા.


અહીંયા અત્યાર સુધીનો આ સૌથી મોટો આંકડો છે. તો બીજી બાજુ મુંબઈમાં અભિનેતા અમિતાભ બચ્ચ અને તેમના દીકરા અભિષેક બચ્ચનનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે. આ બન્ને મુંબઈના નાણાવટી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. નાણાવટીના ક્રિટિકલ કેર સર્વિસેઝના ડાયરેક્ટર ડો. અબ્દુલ એસ અંસારીએ રાતે ૩ વાગ્યે મીડિયાને જણાવ્યું હતું કે, અમિતાભની હાલત પહેલા કરતા સારી છે. મહારાષ્ટ્રમાં મુંબઈમાં આવેલા રાજ્યપાલના સત્તાવાર નિવાસસ્થાન રાજભવનના ૧૮ કર્મચારી પોઝિટિવ મળ્યા છે. અહીંયા એક ઈલેક્ટ્રિશીયનના પોઝિટિવ થયા પછી પરિસરમાં રહેતા ૧૦૦ લોકોના સેમ્પલ લેવાયા હતા. જેમાંથી ૫૫ લોકોનો રિપોર્ટ આવ્યો છે. તો આ તરફ રાજ્યપાલ ભગત સિંહ કોશ્યારીએ પોતાને સેલ્ફ આઈસોલેટ કરી લીધા છે. ઉત્તરપ્રદેશના હોમ ગાર્ડ મંત્રી અને પૂર્વ ક્રિકેટર ચેતન સિંહ ચૌહાણનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. સપા એમએલસી અને અખિલેશ યાદવના અંગત ગણાતા



સુનીલ સિંહ સાજન પણ સંક્રમિત થયા છે. રાજ્યમાં ત્રણ દિવસનું લોકડાઉન ચાલી રહ્યું છે.

રવિવારે મેરઠ, લખનઉ અને કાનપુર સહિત મોટાભાગના શહેરોમાં બજાર બંધ રહ્યા હતા. રાજસ્થાનના જોધપુર કલેક્ટર ઈન્દ્રજીત સિંહના પત્ની અને દીકરી પણ પોઝિટિવ મળી આવ્યા છે. કલેક્ટરની પત્ની દીકરી પંજાબથી પાછા આવ્યા હતા. લક્ષણ ન હોવાના કારણે બન્નેને સર્કિટ હાઉસમાં અલગ અલગ કરવામાં આવ્યા હતા. પણ પંજાબમાં પરિવારજનોનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા પછી કલેક્ટરે બન્નેના સેમ્પલ લીધા હતા. બપોરે બન્નેમાં કોરોનાની પુષ્ટી થઈ હતી. કલેક્ટરનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે.

## અમિતાભ બચ્ચનને થયો કોરોના, ક્રિકેટની હસ્તીઓએ સ્વસ્થ થવાની કરી કામના



નવી દિલ્હી,તા.૧૨

બોલિવૂડ શહેનશાહ અમિતાભ બચ્ચનનો કોરોના પોઝિટિવ રિપોર્ટ આવતા આખા બચ્ચન પરિવાર અને તેમના સ્ટાફનો ટેસ્ટ થયો. ત્યારબાદ હવે અભિષેક કોરોના પોઝિટીવ આવ્યો છે. અમિતાભ બચ્ચન અને અભિષેકને પણ નાણાવટી હોસ્પિટલમાં દાખલ કરાયા છે. ત્યારબાદ અભિષેકની પત્ની ઐશ્વર્યા રાય બચ્ચન અને જયા બચ્ચનનો ટેસ્ટ કરાવ્યો તો બંનેનો નેગેટિવ આવ્યો છે. અમિતાભ બચ્ચને પોતાની ટ્વીટમાં લખ્યું હતું, કે, "મને કોરોના પોઝિટીવ આવ્યો છે. હોસ્પિટલમાં શિફ્ટ થયો છું. હોસ્પિટલે અધિકારીઓને જાણ કરી દીધી છે. છેલ્લા ૧૦ દિવસથી જે પણ મારી નજીક આવ્યા એ દરેકને વિનંતી કરું કે તે ટેસ્ટ કરાવી લે.મહાનાયકના સમાચાર મળતાની સાથે જ સચિન તેંડુલકરે ટ્વીટ કર્યુ છે સચિને મહાનાયકના જલ્દી સાજા થવાની કામના કરી છે. તેમણે ટ્વીટ કરી કહ્યુ છે કે જલ્દી સાજા થઈ જાઓ અને પરત ફરો. બચ્ચનની તબિયતને લઈને હરભજન સિંહ, પાક. ક્રિકેટર શોએબ અખ્તર, યુવરાજ સિંહ જાડેજાએ ટ્વીટ કરી જલ્દી સાજા થવાની પ્રાર્થના કરી છે.અમિતાભ બચ્ચન પહેલાં પણ કેટલાંય બોલિવુડ સ્ટાર્સ આ ખતરનાક વાયરસની ઝપટમાં આવી ચૂકયા છે. સૌથી પહેલાં કનિકા કપૂર કોરોના વાયરસ થઈ હતી અને ત્યારબાદ તો કિરણ કુમાર, કરીમ મોરાની અને તેમની બંને દીકરીઓ જોઆ અને શાજા મોરાની સહિત તમામ સેલેબ્સ કોવિડ-૧૯ પોઝિટીવ આવ્યા હતા.

### વિશ્વભરમાં અત્યાર સુધી ૭૪ લાખથી વધુ કોવિડ-૧૯ બીમારીને મ્હાત આપી ચૂક્યા

## દુનિયાભરમાં ૨૪ કલાકમાં કોરોનાના નવા ૨.૧૪ લાખ કેસ

નવી દિલ્હી,તા.૧૨

દુનિયાભરમાં કોરોના વાયરસ કહેર થમી નથી રહ્યો. સતત સંક્રમિતોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે અને વધુમાં વધુ લોકો આ વાયરસની ઝપેટમાં આવી રહ્યાં છે. વિશ્વભરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨.૧૪ લાખ નવા કેસ સામે આવ્યા છે, જ્યારે ૪૯૯૬ લોકોનાં મોત થયા છે. વર્લ્ડોમીટર અનુસાર, દુનિયાભરમાં ૧ કરોડ ૨૮ લાખ ૩૯ હજારથી વધુ લોકો સંક્રમિત થયા છે, જ્યારે મૃત્યુઆંક ૫ લાખ ૬૭ હજારને પાર પહોંચી ગયો છે. રાહતના સમાચાર એ છે કે, સાજા થનારા લોકોની સંખ્યામાં પણ સતત વધારો થઈ રહ્યો છે. અત્યાર સુધી ૭૪ લાખથી વધુ આ બીમારીને મ્હાત આપી ચૂક્યા છે. વિશ્વભરમાં હાલમાં ૪૭ લાખ ૯૪ હજાર એક્ટિવ કેસ છે અને તેમની સારવાર ચાલી રહી છે. 'હું'એ પણ કહ્યું કે, આ વાયરસના કારણે સ્થિતિ સતત ખરાબ બની રહી છે.

કોરોના પ્રભાવિત દેશોની યાદીમાં અમેરિકા હાલમાં પણ સૌથી ઉપર છે. અમેરિકામાં અત્યાર સુધી ૩૩ લાખ લોકો સંક્રમિત થયા છે. જ્યારે એક લાખ ૩૭ હજારથી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. જ્યારે બ્રાઝીલમાં પણ કોરોનાનો કહેર યથાવત છે. બ્રાઝીલમાં ૧૮ લાખસ્પાઈસજેટ ૧૨થી ૨૬ જુલાઈની વચ્ચે દુબઈ માટે વિશેષ ઉડાનનું સંચાલન કરશે

(જી.એન.એસ.)નવી દિલ્હી,તા.૧૨

વિમાન કંપની સ્પાઈસ જેટ ૧૨થી ૨૬ જુલાઈ ૨૦૨૦ વચ્ચે ભારતના ચાર શહેરથી દુબઈ માટે વિશેષ ઉડાનોનું પરિચાલન કરશે. સ્પાઈસજેટે એક નિવેદનમાં જણાવ્યું કે, દિલ્હી, મુંબઈ, કોઝીકોડ અને કોચ્ચિથી યુએઈ માટે ઉડાનો સંચાલિત કરાશે. સ્પાઈસજેટની મુખ્ય વાણીજયક અધિકારી શિલ્પા ભાટિયાએ કહ્યું કે, આપણે સંયુક્ત અરબ અમીરાત માટે આવતા ૧૫ દિવસોમાં અનુસૂચિત ઉડાનોનું પરિચાલન કરીશું અને અમને આશા છે કે, જે લોકો ખૂબ જ લાંબા સમયથી રાહ જોઈ રહ્યાં છે. તેઓ આ અવસરનો લાભ મેળવશે. વિમાન કંપનીએ જણાવ્યું કે,

યુએઈ, સાઉદી અરબ, ઓમાન અને કતરથી છેલ્લા ૪૫ દિવસોમાં વિશેષ ઉડાનોનું પરિચાલન કરીને વંદે ભારત મિશનમાં ભાગ લઈને ૪૫,૦૦૦થી વધુ લોકોને પરત લાવવામાં મદદ કરી છે.આ પહેલા નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ૯ જુલાઈએ કહ્યું હતું કે, ભારત અને સંયુક્ત અરબ અમીરાતે બંને દેશોની વચ્ચે ૧૨ જુલાઈથી ૨૬ જિલાઈ સુધી પરિચાલિત થનારી તેમની ચાર્ટર ઉડાનોને બંને અને પાત્ર યાત્રિકોને લઈ જવાની પરવાનગી આપવામાં સહમતિ દર્શાવી છે.

મંત્રાલયે કહ્યું કે, સંયુક્ત અરબ અમીરાતના વિમાનો દ્વારા સંચાલિત ચાર્ટર ઉડાનોને હવે ભારતીય નાગરિકોને સંયુક્ત અરબ અમીરાતથી ભારત લાવવા અને આઈસીએ અનુમોદિત યુએઈ નિવાસીઓને લઈ જવાની અનુમતિ આપવામાં આવશે.આઈસીએના તાત્પર્ય યુએઈ ફેડરલ ઓથોરિટી ફૉર આઈડેન્ટિટી એન્ડ સિટિઝનશીપથી છે. સંયુક્ત અરબ અમીરાતના નિવાસ પરમિટવાળા યાત્રીને તેના દેશમાં પ્રવેશ કરવા માટે કોઈ ઉડાન લેવા પહેલા આઈસીએની મંજૂરી લેવી પડશે.થી વધુ લોકો કોરોનાથી સંક્રમિત છે. બ્રાઝીલ બાદ ભારત અને રશિયામાં સંક્રમિતોની સંખ્યા દુનિયામાં સૌથી ઝડપથી વધી રહી છે.

બ્રાઝીલ, રશિયા, સ્પેન, યૂકે, ભારત, પેરૂ, ચિલી, ઈટલી, ઈરાન, મૈક્સિકો, પાકિસ્તાન, ટર્કી, સાઉથ અરબ અને સાઉથ આફ્રીકામાં કોરોના કેસની સંખ્યા બે લાખને પાર થઈ છે. જ્યારે જર્મનીમાં પણ ૧ લાખ ૯૯ હજારથી વધુ કેસ સામે આવ્યા છે. ભારત દુનિયામાં સૌથી વધુ કેસના મામલે ત્રીજા નંબર પર છે, જ્યારે સૌથી વધુ મોતની યાદીમાં આઠમાં નંબર પર છે.

## જાપાનના બેઝ ઉપર તહેનાત ૬૦થી વધારે અમેરિકાના નૌસૈનિક કોરોના સંક્રમિત

### બ્રાઝીલના રાષ્ટ્રપતિના પત્ની અને બે પુત્રીઓના રિપોર્ટ નેગેટિવ ઓસ્ટ્રેલિયા: મેલબોર્નની હોસ્પિટલમાં ૮ સ્વાસ્થ્ય કર્મચારીઓ સંક્રમિત

ન્યૂયોર્ક,તા.૧૨

વિશ્વભરમાં કોરોના વાઈરસના અત્યાર સુધીમાં ૧ કરોડ ૨૮ લાખ ૪૭ હજાર કેસ નોંધાયા છે. જેમા ૫ લાખ ૬૭ હજાર ૭૩૪ લોકોના મોત થયા છે. ૭૪.૮૩ લાખ લોકોને સારવાર પછી રજા અપાઈ છે. જાપાનના ઓકિનાવા ટાપુ ઉપર તહેનાત ૬૦થી વધારે અમેરિકાના નૌસૈનિક સંક્રમિત મળ્યા છે. ઓકિનાવાના ગવર્નરે અમેરિકી મિલિટ્રી કમાન્ડરને સંક્રમણ રોકવા માટે પગલા ભરવાની વાત કરી છે. બ્રાઝીલના રાષ્ટ્રપતિ જાયર બોલ્સોનારોની પત્ની મિશેલ બોલ્સોનારો અને તેમની બે પુત્રીઓનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. જાયર બોલ્સોનારો બુધવારે સંક્રમિત થયા હતા.

ઈઝરાયલની રાજધાની તેલ અવીવના રાબિન સ્કવેર ઉપર લોકોએ શનિવારે પ્રદર્શન કર્યું હતું. તેમાં નાના વેપારીઓ અને કલાકાર સામેલ થયા હતા. પ્રદર્શનકારીઓએ આરોપ લગાવ્યો હતો કે સરકાર તરફથી જાહેર કરાયેલી આર્થિક સહાયતા હજુ તેઓ સુધી નથી પહોંચી. લોકડાઉનના કારણે દેશમાં બેરોજગારી ૨૧% વધી ગઈ છે. ઈઝરાયલમાં ૩૭ હજાર ૪૬૪ કેસ નોંધાયા છે અને ૩૫૪ લોકોના મોત થયા છે.

ઓસ્ટ્રેલિયાની રાજધાની મેલબોર્નની અલ્ફ્રેડ હોસ્પિટલમાં ૮ સ્વાસ્થ્ય કર્મચારીઓ સંક્રમિત થયા છે. સંક્રમણ વધતા મેલબોર્નને ૨૯ જુલાઈ સુધી લોકડાઉન કરાયું છે. ઓસ્ટ્રેલિયા ૧૮ હજાર ૭૮૩ કેસ નોંધાયા છે અને ૭૦૬ લોકોના મોત થયા છે.

અમેરિકામાં અત્યાર સુધીમાં ૩૩ લાખ ૫૫ હજાર ૬૪૬ કેસ નોંધાયા છે. ૧ લાખ ૩૭ હજાર ૪૦૩ લોકોના મોત થયા છે. ૧૪.૯૦ લાખ લોકોને સારવાર પછી રજા અપાઈ છે. બ્રાઝીલમાં ૧૮ લાખ ૪૦ હજાર ૮૧૨ કેસ નોંધાયા છે. જેમાં ૭૧ હજાર ૪૯૨ લોકોના મોત થયા છે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા : ૮૭૯**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૪૧૯૦૬**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૩**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૫૧૩**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૯૧૯૮**

## સોપોરમાં સુરક્ષાદળોનું ઓલ આઉટ ઓપરેશન શરૂ, ૩ આતંકીઓને ઘેર્યા

શ્રીનગર,તા.૧૨

જમ્મુ કાશ્મીરમાં સોપોર જિલ્લાના રેબન વિસ્તારમાં સુરક્ષાદળો અને આતંકીઓ વચ્ચે રાતથી અથડામણ ચાલી રહી છે. એક અધિકારીએ જણાવ્યું કે, અહીંયા આતંકીઓની હાજરી અંગેની ગુપ્ત માહિતી મળી હતી. આ અંગે પોલીસ,૨૨ રાષ્ટ્રીય રાઈફલ્સ અને સીઆરપીએફની ટીમે આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું, ત્યારે જ સંતાયેલા આતંકીઓએ તેમની પર ફાયરિંગ શરૂ કરી દીધું હતું. પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, વિસ્તારમાં ૨ થી ૩ આતંકીઓને ઘેરવામાં આવ્યા છે. ગત મહિને સોપોરના જ મોડલ ટાઉનમાં આતંકી હુમલામાં એક નાગરિકનું મોત થયું હતું, જ્યારે સીઆરપીએફનો એક જવાન શહીદ થયો હતો.ત્યારથી સોપોરના અલગ અલગ વિસ્તારમાં સતત સર્ચ ઓપરેશન ચલાવાઈ રહ્યા છે. કાશ્મીરના કુપવાડા જિલ્લાના નૌગામ સેક્ટરમાં શનિવારે સવારે સુરક્ષાદળોએ ૨ આતંકીઓને ઠાર માર્યા હતા. જેમાંથી એક લશ્કર-એ-તૈયબાનો આતંકી ઈદરીસ ભટ હતો. તે ૨૦૧૮માં પાકિસ્તાન ગયો હતો. આતંકી એલઓસી પર ફેંસિંગ કાપીને ઘુસણખોરીનો પ્રયાસ કરી રહ્યા હતા. તેમની પાસે બે એકે-૪૭ અને મોટી સંખ્યામાં દારૂગોળો હતો.સેનાના પ્રવક્તાએ કહ્યું કે, સીમાની પેલે પાર લોન્ચપેડ પુરી રીતે એક્ટિવ છે, ત્યાં ૨૫૦થી ૩૦૦ જેટલા આતંકીઓ છે. સુરક્ષાદળોએ આ મહિનામાં અત્યાર સુધી ૬ આતંકી ઠાર માર્યા છે. આ પહેલા પુલવામા જિલ્લાના ગોસૂ વિસ્તારમાં એક આતંકી ઠાર મરાયો હતો. સાથે જ એક જવાન પણ શહીદ થયો હતો. ૪ જુલાઈના રોજ કુલગામના અર્રાહ વિસ્તારમાં હિજબુલ મુજાહિદ્દીનના ૨ આતંકી ઠાર મરાયા હતા. ૨ જુલાઈના રોજ શ્રીનગરના માલબાગમાં જૈજીનો ૧ આતંકી ઠાર મરાયો હતો.

## તંત્રી સ્થાનેથી...

# કુવૈતનો કાયદો ખાડી દેશોમાં રહેતા ભારતીયો માટે ખતરાની ઘંટી

૧૯૯૧નું વર્ષ વરસ ભારતીય અર્થવ્યવસ્થાના ઈતિહાસમાં કેટલાંક ખોટાં સીમા ચિહ્નો માટે હંમેશાં યાદ રહેવાનું છે.ભારતની વિદેશી મુદ્રાની અનામતોનું તળિયું દેખાઈ ગયું હતું. માંડ અઠવાડિયું ચાલે તેટલી વિદેશી મુદ્રાની પુરાંત ભારત પાસે હતી.આ પરિસ્થિતિમાંથી બહાર નીકળવા માટે બીજો કોઈ રસ્તો દેખાતો નહોતો છેવટે ×ડૂબતો તરણું પકડે× તે રીતે જુલાઈ ૧૯૯૧માં ભારતીય રિઝર્વ બેંકે ૪૦ કરોડ ડૉલર જેટલું વિદેશી હૂંડિયામણ ઉછીનું લેવા માટે બૅંક ઑફ ઈંગ્લૅન્ડ અને બેંક ઑફ જાપાન પાસે ૪૬.૯૧ ટન સોનું પોતાના અનામત ભંડારમાંથી ગીરવે મૂક્યું. આજે આપણે જુલાઈ ૨૦૨૦માં છીએ. સમગ્ર દેશને નીચાજોણું થાય એવી આ ઘટનાને ૩૦ વરસ થયાં.આ ત્રીસ વર્ષના સમયમાં પાસું પલટાયું છે. આજે આપણે ૫૦૫.૫૭ અબજ ડૉલર જેટલી ગંજાવર વિદેશી મુદ્રાના પહાડ ઉપર નિરાંતે બેઠાં છીએ.આ બધું શક્ય બન્યું તે માટેનો મજબૂત પાયો નાખનાર તત્કાલીન વડા પ્રધાન નરસિમ્હા રાવ હતા. જેમની ચાણક્ય બુદ્ધિ અને તે સમયે ઓછાં જાણીતા પણ વૈશ્વિક કક્ષાના અર્થશાસ્ત્રી ડૉ મનમોહન સિંહ દ્વારા લાગુ કરાયેલ ઉદારીકરણ અને આર્થિક નીતિ ૧૯૯૦થી ૧૯૯૫ના તેમના નાણામંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન આ દેશને એક મજબૂત પાયા પર પ્રસ્થાપિત કરી ગઈ.આને પરિણામે ક્યારે પણ ભારતને વિદેશી મુદ્રા ભંડારની દૃષ્ટિએ સોનું ગીરવે મૂકવું પડે તેવા દેવાળિયાપણાનો સામનો કરવો પડ્યો નથી.આ વ્યવસ્થાને પોષાતું એક મોટું પરિબળ અમેરિકા, યુએઈ, સાઉદી અરેબિયા, કતર, કુવૈત, ઓમાન, બ્રિટન, મલેશિયા, કૅનૅડા, હૉંગકૉંગ અને ઑસ્ટ્રેલિયા જેવા દેશોમાં રહેતા બિનનિવાસી ભારતીયો દ્વારા દેશમાં વિદેશી મુદ્રા રૂપે મોકલવામાં આવતા પૈસા છે.એક માહિતી મુજબ ભારતીય દુનિયામાં કોઈ પણ દેશના નાગરિકોની સરખામણીમાં સૌથી વધારે પૈસા પોતાને વતન મોકલે છે. ૨૦૧૯ના વર્ષમાં ભારતીયોએ ૮૩ અબજ અમેરિકન ડૉલર જેટલાં નાણાં વિદેશી મુદ્રા સ્વરૂપમાં આપણા દેશમાં મોકલ્યાં છે.

૨૦૧૯ના વરસમાં આપણે ક્રૂડ ઑઈલની આયાત કરી તેનું આયાત બિલ ૮૨ અબજ ડૉલર હતું.આ ઉપરથી ભારતીયો વતનથી દૂર રહીને, ઘણી હાડમારીઓ વેઠીને વિદેશથી જે પૈસા આપણને મોકલે છે તેની અગત્યતાનો ખ્યાલ આવશે.ખાડીના દેશો એટલે કે યુએઈ, સાઉદી અરેબિયા, કતર, કુવૈત અને ઓમાનમાંથી ૬૫ અબજ અમેરિકન ડૉલર (કુલ રેમિટન્સના ૭૮.૩૧ ટકા) આવ્યા હતા.છેલ્લા કેટલાક સમયથી કોવિડને કારણે વૈશ્વિક અર્થવ્યવસ્થામાં જે મંદી આવી છે એને કારણે ક્રૂડની ખપત અને ભાવ જેના ઉપર આ દેશોની અર્થવ્યવસ્થા નભે છે એમાં ઘણો મોટો ઘટાડો થયો છે. આને પરિણામે આ દેશોમાં પણ હવે બેકારી અને આવક સામે જાવકનું પ્રમાણ વધી જાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે.આ દેશોની અર્થવ્યવસ્થા પર અન્ય દેશોમાંથી આવી ત્યાં કામ કરતા ભારતીય તેમજ બીજા નાગરિકોનું પ્રદાન મોટું છે.એક અંદાજ મુજબ ખાડીના દેશોમાં ૮૫ લાખ જેટલા ભારતીયો કામ કરે છે જેમાંથી બહુ ઓછા સરકારી નોકરીઓમાં અને બહુ વધારે પ્રમાણમાં લોકો લૉ- સ્કીલ કામોમાં જોતરાયેલા છે.૫૦ ડિગ્રી તાપમાનમાં ભારતીયો કામ કરે છે. મજૂર વસાહતમાં પુરતી સવલતો હોતી નથી, માલિકો તરફથી અત્યાચાર ગુજારવામાં આવે છે, વધારે કલાક કામ કરાવવામાં આવે છે અને શોષણ કરવામાં આવે છે તે બધું નફામાં.આમ છતાં અગવડો વેઠીને પણ આ લોકો કામ કરે છે, બે પૈસા બચાવે છે અને એ વતનમાં વિદેશી હૂંડિયામણ તરીકે મોકલે છે.અત્યાર સુધી આ લોકો કમાઉ દીકરા હતા પણ ક્રૂડના ભાવ ઘટી જતાં અને કોરોના વાઈરસની મહામારીને કારણે પોતાના દેશમાં કામ કરતા આ પરદેશીઓ માટે સ્થાનિક પ્રજાની નફરત વધતી ચાલી છે.આપણે એકલા યુએઈની વાત કરીએ તો લગભગ ૩૬ લાખ ભારતીયો યુએઈમાં રહે છે જે તેની ૨૭ ટકા વસતિ કરતાં વધારે છે. યુએઈ સમેત આરબ દેશો સાથેનાં આપણા સંબંધો સદીઓ પુરાણા છે.ઓમાનના અંતરિયાળ વિસ્તારમાં તો એક સમયે ભારતીય ચલણ ચાલતું અને ગુજરાતી ભાષા પણ બોલાતી.યુએઈમાં ૩૬ લાખ ભારતીયોમાંથી ૧૦ લાખ માત્ર કેરળના છે ત્યારબાદ ૪.૫૦ લાખ તમિલનાડુના છે. ગુજરાતીઓ સંખ્યાની દૃષ્ટિએ ઓછાં હશે પણ એમનાં આર્થિક હિતો બહુ મોટાં છે.બહેરીન અને ઓમાન જેવા દેશોમાં તો કચ્છી ભાઈઓ પહેલા જઈને વસ્યા છે અને ત્યાંના શાસકો સાથે બહુ સારા સંબંધો ધરાવે છે. ચીનની હૉંગકૉંગ પર તવાઈ આવશે એટલે દુબઈનું મહત્વ વધે તેવી પૂરી શક્યતા છે.આજે વાત કરવી છે બે મુદ્દાની એમાંનો પહેલો મુદ્દો કુવૈત કાયદો લાવી રહ્યું છે તેને સ્પર્શે છે. કુવૈતની તાજેતરની પરિસ્થિતિ નીચે પ્રમાણે છે.આજે કુવૈતની કુલ વસતિ ૪૩ લાખમાંથી લગભગ ૩૫ ટકા ભારતીયો છે. ભારતીયોની સંખ્યા સ્થાનિક કુવૈતીઓ કરતાં વધુ છે અને કુલ બિનનિવાસી નાગરિકો છે તેની અડધોઅડધ વસતિ ભારતીયો છે.કુવૈત હવે કાયદો લાવી રહ્યું છે તે મુજબ ભારતીય નાગરિક હોય તેની કુવૈતમાં નોકરી/રોજગારી કરતા વ્યક્તિઓની સંખ્યા ૧૫ ટકાથી વધવી જોઈએ નહીં. ૧૫ ટકા એટલે ૬.૪૫ લાખ આનો અર્થ એ થાય કે બાકી રહેલા ૮ લાખ લોકોને કુવૈત છોડવું પડે.આટલી મોટી સંખ્યા સ્થળાંતર થાય તો એના ઈવેક્યુએશનથી માંડીને દેશમાં પુનર્વસન માટેની મોટી જવાબદારી ભારતના માથે આવી પડે. કુવૈતમાં રહેતા ભારતીયો વર્ષે ૫ અબજ ડૉલર મોકલાવે છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૧૩/૦૭/૨૦૨૦, સોમવાર, અષાઢ વદ-૮
સૂર્યોદય-૬-૧૨, સૂર્યાસ્ત-૭-૩૩, જૈન નવકારશી-૬-૫૯,
આજની રાશિ : મીન (દ.ચ.ઝ.થ.), નક્ષત્ર: ઉત્તરા ભાદ્રપદ

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૭-૫૨થી ચલ-લાભ-અમૃત-૧૨-૫૩ સુધી, ૧૪-૩૩ થી શુભ-૧૬-૧૩ સુધી, ૧૯-૩૩ થી શુભ-અમૃત-ચલ-૨૨-૩૩ સુધી<br>- શુભ હોરા-<br>૭-૧૯થી ૧૦-૩૯ સુધી, ૧૧-૪૬ થી ૧૨-૫૩ સુધી, ૧૫-૦૬ થી ૧૮-૨૫ સુધી, ૧૯-૩૩ ૨૦-૨૬ સુધી |

# કોરોનાના કેસો વધતાં બેંગલુરુમાં ૧૪થી ૨૨ જુલાઈ સુધીનું કડક લોકડાઉન



કર્ણાટક,તા.૧૨

કર્ણાટકની રાજધાની, બેંગલુરુમાં કોરોના વાયરસનો પ્રકોપ વધી રહ્યો છે. કોરોના વાયરસના ઝડપથી ફેલાવાને કારણે રાજ્ય સરકારે ફરી એકવાર લોકડાઉન લાદવાનો નિર્ણય લીધો છે. બેંગલુરુ અને તેના સાથે સંકળાયેલા શહેરી અને ગ્રામીણ જિલ્લાઓમાં કોવિડ ૧૯ ના ફેલાવાને કારણે બગડતી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે ૧ અઠવાડિયાના લોકડાઉનની ઘોષણા કરી છે. આ લોકડાઉન ૧૪ જુલાઇ મંગળવારે સાંજે ૮ વાગ્યાથી લાગુ થશે અને ૨૩ જુલાઇએ સવારે ૫ વાગ્યા સુધી અમલમાં રહેશે. લોકડાઉન બેંગલુરુના શહેરી અને ગ્રામીણ બંને જિલ્લામાં રહેશે, જે મંગળવાર, ૧૪ જુલાઈ, ગુરુવાર, ૨૨ જુલાઇ, સવારે ૫ વાગ્યા સુધી શરૂ થશે. આ સમય દરમિયાન ફક્ત આવશ્યક સેવાઓને છૂટ આપવામાં આવશે.

કર્ણાટકના મુખ્યમંત્રી કાર્યાલય (સીએમઓ) એ જણાવ્યું છે કે આ બેંગ્લોર શહેરી અને ગ્રામીણ જિલ્લામાં ૧૪ જુલાઈથી સાંજના ૮ થી ૨૨ જુલાઈના રોજ સવારે ૫ વાગ્યા સુધી લાગુ રહેશે. જો કે જરૂરી સેવાઓ તેમજ નિયત પરીક્ષાઓને કારણે, શહેર અને આસપાસના ગ્રામીણ જિલ્લાઓને મંજૂરી આપવામાં આવશે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા અનુસાર, કર્ણાટકમાં કોરોના વાયરસના ૧૯૦૩૯ એક્ટિવ કેસ છે. રાજ્યમાં અત્યાર સુધી કોવિડ -૧૯ના કુલ ૩૩૪૧૮ પોઝિટિવ કેસ સામે આવ્યા છે. જેમાંથી ૫૪૩ લોકોનાં મોત થઈ છે અને ૧૩૮૩૬ દર્દીઓ સારવાર બાદ રિકવર થઈ ચૂક્યા છે.

## જલસા બંગલો પ્રતિબંધિત વિસ્તાર જાહેર

# અમિતાભ બચ્ચનની તબિયત સ્થિર, બોલ્યા- હું ડોકટરો અને મેડિકલ સ્ટાફ આગળ નતમસ્તક

મુંબઈ,તા.૧૨

બોલિવૂડના મેગાસ્ટાર અમિતાભ બચ્ચનને શનિવારે સાંજે મુંબઈની નાણાવટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમણે ટ્વીટ કરીને માહિતી આપી છે કે તેમનો કોરોના રીપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ સાથે જ અમિતાભ બચ્ચનના પુત્ર અને અભિનેતા અભિષેક બચ્ચનનો પણ કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. અભિષેક પણ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. અમિતાભ બચ્ચનની સ્થિતિ સ્થિર હોવાનું કહેવામાં આવી રહ્યુ છે. ડૉક્ટરનું કહેવુ છે કે ચિંતા કરવાની કોઈ જરૂર નથી. પ્રશંસકો જયારથી આ સમાચાર મળ્યા છે ખુબજ ચિંતામા આવી ગયા છે. અમિતાભ બચ્ચન માટે દેશભરમાં પ્રાર્થનાઓ થઈ રહી છે. મહાનાયક જલ્દીથી જલ્દી સાજા થઈ જાય તેવી કામના કરવામાં આવી રહી છે.



બોલિવૂડના સુપરસ્ટાર અમિતાભ બચ્ચન અને અભિષેક બચ્ચન કોરોના પોઝિટિવ આવતાની સાથે જ સમગ્ર પરિવારનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો. ઘરના તમામ સભ્યો અને કર્મચારીઓની રીપોર્ટ કરાવાયા, જેમાંઐશ્વર્યા અને જયા બચ્ચનનો રીપોર્ટ નેગેટિવ આવતા થોડી રાહત મળી છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉ. હર્ષ વર્ધને ટ્વીટ કર્યુ છે, તેમણે કહ્યું કે એક અલૌકિક સુપરસ્ટાર છે અમિતાભ બચ્ચન જલ્દીથી સાજા થઈ જાઓ.

બોલીવુડના સુપરસ્ટાર અમિતાભ બચ્ચનને કોરોના પોઝિટિવ આવ્યા બાદ મુંબઈની નાણાવટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. વીડિયોમાં અમિતાભે નાણાવટી હોસ્પિટલના લોકો અને મેડિકલ સ્ટાફના ખૂબ વખાણ કર્યા છે. અમિતાભે તેના વીડિયોમાં કહ્યું હતું કે હું ડોકટરો અને મેડિકલ સ્ટાફની આગળ નતમસ્તક છું. વીડિયોમાં અમિતાભે નાણાવટી હોસ્પિટલના લોકો અને મેડિકલ સ્ટાફના ખૂબ વખાણ કર્યા છે. અમિતાભે વીડિયોમાં કહ્યું છે કે આ દિવસો થોડા નિરાશાજનક છે. હોસ્પિટલમાં કામ કરનારાઓમાં ભગવાનનું એક રૂપ છે. અમિતાભે કહ્યું કે મેં તાજેતરમાં ગુજરાતમાં સુરતમાં એક બિલબોર્ડ શેર કર્યું હતું, જેના પર લખ્યું હતું કે તમે જાણો છો કે મંદિરો કેમ બંધ છે. કેમ કે ભગવાન હોસ્પિટલમાં સફેદ કોટ પહેરીને કામ કરે છે. તેમણે કહ્યું કે હું તમારા બધાની સામે નમન કરું છું કારણ કે જો તમે ત્યાં ન હોત તો માનવતા ક્યાં જશે. અમિતાભે પોતાના વીડિયોમાં ડોકટરો, નર્સો અને આખા મેડિકલ સ્ટાફની પ્રશંસા કરી છે.

બચ્ચન પરિવારમાં કોરોનાની એન્ટ્રી થતા બીએમસીની ટીમ સવારે નવ વાગે જલસા બંગલે આવી હતી. આ ટીમ આખા બંગલાને સેનિટાઈઝ કર્યો. આ જ બંગલામાં ઐશ્વર્યા રાય, દીકરી આરાધ્યા તથા જયા બચ્ચન ક્વૉરન્ટીન છે. આઠ સભ્યોની ટીમમાં કોરોનાની તપાસ કરનાર એક ડોક્ટર પણ સામેલ છે. ડોક્ટર સ્ટાફનું સ્કીનિંગ કર્યું અને કોન્ટેક્ટ ટ્રેસિંગ કામ પણ શરૂ થઈ ગયું છે. સૂત્રોના મતે, જલસા બંગલાની આસપાસમાં રહેલા લોકોનું પણ સ્ક્રીનિંગ કરવામાં આવશે. બંગલાની તપાસ બાદ તેને પ્રતિબંધિત જાહેર કરવામાં આવ્યો છે. અમિતાભના જલસા ઉપરાંત જનક તથા પ્રતિક્ષા બંગલાને પણ સેનિટાઈઝ કરવામાં આવ્યો. આ ત્રણ બંગલા મુંબઈના પોશ એરિયા જુહૂમાં આવેલા છે. કહેવામાં આવી રહ્યું છે કે અમિતાભ બચ્ચને હોસ્પિટલ પ્રશાસને તેમની હેલ્થ અપડેટ જારી કરવાથી ઈક્રાર કરી દીધો હતો. તેમણે પોતે જ આ જવાબદારી લીધી છે.

# કોંગ્રેસ સંસદના આગામી સત્રમાં કોરોના, ભારત-ચીન વિવાદ મુદ્દે મોદી સરકારને ઘેરશે

નવી દિલ્હી,તા.૧૨

કોંગ્રેસના અધ્યક્ષ સોનિય ગાંધીએ પાર્ટીના સાંસદ સભ્યો સાથે વીડિયો કોન્ફરન્સ યોજી હતી. દેશમાં પ્રવર્તમાન રાજકીય તેમજ કોરોના વાયરસની પરિસ્થિતિ સંદર્ભે ચર્ચા કરવા માટે આ વીડિયો કોન્ફરન્સ યોજવામાં આવી હોવાનું પાર્ટીના વર્તુળોએ જણાવ્યું હતું. સૂત્રોના મતે સોનિયા ગાંધીએ પાર્ટીના સાંસદો સાથે આગામી સંસદ સત્રમાં મોદી સરકારને ઘેરવા માટેના રાજકીય સહિતના મહત્વના મુદ્દાઓ ઉપર ચર્ચા વિચારણા કરી હતી. આ ઉપરાંત કોવિડ ૧૯ અને ભારત-ચીન સરહદ વિવાદ મુદ્દે પણ સરકારને ઘેરવા માટે આ બેઠકમાં આગામી રણનીતિ અંગે વિચાર વિમર્શ કરાયો હતો.

કોંગ્રેસ સરકાર છેલ્લા કેટલાક સમયથી સરકારને ગરીબોને નાણાકીય સહાય નહીં પુરી પાડવા તેમજ કોરોના પરિસ્થિતિને યોગ્ય રીતે નહીં સંભાળવા અને લદ્દાખમાં ભારત-ચીન વચ્ચે થયેલા ઘર્ષણમાં શહીદ થયેલા ૨૦ ભારતીય જવાનોના મુદ્દે ઘેરી રહી છે. આ ઉપરાંત દેશમાં લોકડાઉન લાગુ કરીને અર્થતંત્રને તળિયે ધકેલવા બદલ અને દેશમાં પેટ્રોલ- ડીઝલના ભાવવધારાના મુદ્દે પણ કોંગ્રેસ સરકાર પર પ્રહારો કરી રહ્યું છે.

# ૧૮થી ૬૫ વર્ષના લોકોને મળશે 'કોરોના કવચ'

દેશમાં કોરોના વાઈરસના કેસમાં સતત વધારો જોવા મળી રહ્યો છે તેવા સમયે વીમા ક્ષેત્રની નિયમનકાર આઈઆરડીએ ૨૯ જનરલ અને હેલ્થ વીમા કંપનીઓને ટૂંકી મુદતની 'કોરોના કવચ' હેલ્થ ઈન્સ્યોરન્સ પોલીસી બજારમાં રજૂ કરવા માટે મંજૂરી આપી દીધી છે. આ પૉલિસી હેઠળ કોરોનાની બીમારીના મેડીકલ ખર્ચને આવરી લેવાશે. કેટલીક વીમા કંપનીઓએ રૂ. ૫૦,૦૦૦થી રૂ. ૫ લાખની રકમની સાડા ત્રણ મહિના, સાડા છ મહિના અને સાડા નવ મહિનાની 'કોરોના કવચ' પોલિસીઓ લોન્ચ કરી છે. ઓરીએન્ટલ ઈન્સ્યોરન્સ અને નેશનલ ઈન્સ્યોરન્સ સહિતની સરકારી અને ખાનગી ૨૯ જનરલ અને હેલ્થ ઈન્સ્યોરન્સ કંપનીઓને કોરોના કવચ પોલિસી રજૂ કરવા મંજૂરી આપવામાં આવી છે. લોન અને વીમા ક્ષેત્રની એક અગ્રણી ઓનલાઈન એગ્રેગેટર કંપનીના હેલ્થ ઈન્સ્યોરન્સના વડા અમિત છાબરાએ જણાવ્યું હતું કે, વીમા નિયમનકાર ઈરડાની મંજૂરી પછી મોટાભાગની અગ્રણી હેલ્થ ઈન્સ્યોરન્સ કંપનીઓએ કોરોનાની બીમારીને આવરી લેતાં ચોક્કસ હેલ્થ કવર લોન્ચ કર્યા છે. આ પોલિસીના પ્રીમિયમની રકમ અલગ અલગ છે. કોરોના કવચ પોલિસી ૧૮ વર્ષથી ૬૫ વર્ષની વય વચ્ચેની વ્યક્તિ માટે ઉપલબ્ધ છે, જે મહત્તમ ૧૫ દિવસના હોસ્પિટલાઈઝેશનના સમય દરમિયાન સમ એશ્યોર્ડના ૦.૫ ટકાના દૈનિક રોકડ લાભના વૈકલ્પિક કવચ સાથે આવે છે.

## કેજરીવાલે કહ્યું- અબજો લોકોની પ્રાર્થના તમારી સાથે

# બોલીવુડના મહાનાયકના સારા સ્વાસ્થ્ય માટે સેલેબ્સે અને લોકોએ કરી પ્રાર્થના

ગાંધીનગર,તા.૧૨

મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે તેમની ટ્વીટમાં લખ્યું, અમે બધા પ્રાર્થના કરીશું કે તમે ઝડપથી સ્વસ્થ થઈ જાઓ. ગેટ વેલ સૂન અમિતાભ બચ્ચનજી. એક્ટ્રેસ સોનમ કપૂરે અમિતાભ બચ્ચન માટે પ્રાર્થના કરતાં લખ્યું, ગેટ વેલ સૂન અમિત અંકલ, મારો પ્રેમ અને પ્રાર્થના. બોલિવૂડના સુપરસ્ટાર અમિતાભ બચ્ચનનો કોવિડ ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. તેમને મુંબઈની નાણાવટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

૭૭ વર્ષના બિગ બીએ જાતે આ જાણકારી તેમના ટ્વીટર પર આપી હતી. ત્યારથી તેમના મિત્રો, કલીગ્સ અને ફેન્સ તેમની રક્ષા માટે પ્રાર્થના કરી રહ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી હર્ષવર્ધને ટ્વીટ કર્યું કે, પ્રિય અમિતાભજી, આખા દેશ સાથે હું તમારી ઝડપથી સ્વસ્થ થઈ જવાની પ્રાર્થના કરુંછું. તમે દેશના લાખો લોકો માટે આદદર્શ છો. આઈકોનિક સુપરસ્ટાર છો. અમે તમારું સારી રીતે ધ્યાન રાખીશું. ઝડપથી સ્વસ્થ થઈ જાઓ એવી શુભેચ્છા. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ટ્વિટર પર લખ્યું, શ્રી અમિતાભ બચ્ચનજીનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવવાના સમાચારથી હું બહુ દુઃખી છું. તેઓ ઝડપથી સ્વસ્થ થઈ જાય તેવી પ્રાર્થના કરું છું.રૂ

મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે તેમની ટ્વીટમાં લખ્યું, અમે બધા પ્રાર્થના કરીએ છીએ કે તમે ઝડપથી સ્વસ્થ થઈ જાઓ. ગેટ વેલ સૂન અમિતાભ બચ્ચનજી. એ જ રીતે કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરી, ભાજપના નેચા શાહનવાઝ હુસેન, રાકાંપા નેતા સુપ્રિયા સુલે, સમાજવાદી પાર્ટીના નેતા અને ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવ અને ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન સહિત ઘણા રાજનેતાઓ અને ફેમસ પર્સનાલિટીએ બિગ બીની ઝડપથી રિકવર થવાની પ્રાર્થના કરી છે.

એક્ટ્રેસ ક્રિતિ સેનને પણ બિગ બીની ઝડપી રિકવરીની પ્રાર્થના કરી. પ્રોડ્યુસર બોની કપૂરે લખ્યું, ગેટ વેલ સૂન અમિત અંકલ. મારો પ્રેમ અને પ્રાર્થના. અભિનેત્રી પ્રિટી ઝિંટાએ અમિતાભની ઝડપથી રિકવરીની પ્રાર્થના કરી. અમિતાભ બચ્ચન માટે પ્રાર્થના સાઉથ ઈન્ડિયન ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી પણ થઈ રહી છે. મોહન લાલ, મહેશ બાબુ, મમુટી અને ધનુષ સહિત ઘણી સેલિબ્રિટીઝે સોશિયલ મીડિયા પર બિગ બી પ્રત્યે તેમની ભાવનાઓ જાહેર કરી અને તેમના માટે પ્રાર્થના કરી.

અમિતાભ માટે દુઆ સીમા પારથી એટલે કે પાકિસ્તાનમાંથી પણ આવી રહી છે. પૂર્વ ક્રિકેટર શોએબ અખ્તરે બિગ બની રિકવરીની દુઆ કરતા લખ્યું, ગેટ વેલ સૂન અમિતજી. બોર્ડર પાર તમારા દરેક ફેન્સ તરફથી તમારી સ્પીડી રિકવરી થાય એવી દુઆ છે.

# મહારાષ્ટ્ર રાજભવનના ૧૮ કર્મચારીઓ કોરોના પોઝિટિવ આવતાં ખળભળાટ

મુંબઈ,તા.૧૨

મહારાષ્ટ્રમાં ઝડપથી ફેલાઈ રહેલો કોરોના વાયરસ હવે રાજભવન સુધી પહોંચી ગયો છે. મળતા અહેવાલો મુજબ, રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારીના ૧૮ કર્મચારી કોરોના પોઝિટિવ હોવાનું સામે આવ્યું છે. રાજભવનના કર્મચારીઓના કોરોના પોઝિટિવ આવ્યા બાદ રાજ્યપાલ કોશ્યારી સેલ્ફ ક્વૉરન્ટીનમાં મોકલી દેવામાં આવ્યા છે. નોંધનીય છે કે, અત્યાર સુધી રાજભવનના ૧૦૦ કર્મચારીઓને કોરોના ટેસ્ટ કરાવવામાં આવ્યા છે જેમાંથી ૫૫ લોકોનાં જ રિપોર્ટ સામે આવ્યા છે. હજુ બીજા કર્મચારીઓના રિપોર્ટ આવવાના બાકી છે.

નોંધનીય છે કે, રાજભવનમાં કામ કરનારા એક જૂનિયન ઇલેક્ટ્રિશિયન કોરોના પોઝિટિવ હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ રાજભવનમાં કામ કરનારા તમામ કર્મચારીઓની કોરોના તપાસ કરાવવામાં આવી. આ કર્મચારીઓમાંથી અત્યાર સુધી ૫૫ લોકોનાં રિપોર્ટ આવી ચૂક્યા છે, જેમાંથી ૧૮ પોઝિટિવ સામે આવી ચૂક્યા છે. રાહતની વાત એ છે કે મહારાષ્ટ્રના રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારી બિલકુલ સ્વસ્થ હોવાનું જાણવા મળ્યું છે જોકે તેમને સેલ્ફ ક્વૉરન્ટીન કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્રમાં કોવિડ-૧૯ કેસોમાં એક દિવસમાં સૌથી વધુ વધારો નોંધાયો છે. શનિવારે કોરોનાના ૮,૧૩૯ નવા કેસ સામે આવ્યા, જેનાથી રાજ્યમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા હવે ૨,૪૬,૬૦૦ થઈ ગઈ છે.

# પ્રથમ વાર માસ્કમાં જોવા મળ્યા રાષ્ટ્રપતિ ટ્રમ્પ

વોશિંગટન,તા.૧૨

વિશ્વમાં કોરોનાનો સૌથી વધારે કેર અમેરિકામાં જોવા મળી રહ્યો છે. તેમ છતાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ માસ્ક પહેરવાનું ટાળતા હતા પરંતુ તેઓ આટલા સમયમાં પ્રથમ વખત માસ્ક પહેરીને નજરે પડ્યા હતા. શનિવારે સૈન્ય હોસ્પિલની મુલાકાત દરમિયાન તેઓ પ્રથમ વખત માસ્ક પહેરીને જોવા મળ્યા હતા. ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાંથી નીકળતી વખતે પત્રકારોને કહ્યું, ×જ્યારે તમે કોઈ હોસ્પિટલમાં જઈ રહ્યા હોવ ત્યારે મને લાગે છે કે માસ્ક પહેરવું જોઈએ.

ટ્રમ્પ શનિવારે વોશિંગ્ટનમાં વાલ્ટર રીડ નેશનલ મિલિટ્રી મેડિકલ સેંટર હેલીકોપ્ટરથી પહોંચ્યા હતા. જ્યાં પહોંચ્યા બાદ તેમણે કોવિડ-૧૯ દર્દીની સારવાર કરી રહેલા સ્વાસ્થ્યકર્મીઓ તથા ઘાયલ સૈન્યકર્મીની મુલાકાત લીધી હતી. આ દરમિયાન ટ્રમ્પ માસ્ક પહેરીને નજરે પડ્યા હતા. હેલિકોપ્ટરમાંથી ઉતરતી વખતે તેમણે માસ્ક નહોતું પહેર્યું. આ પહેલા ટ્રમ્પ પત્રકાર પરિષદ, રેલી અને જાહેર સ્થળો પર માસ્ક પહેરવાની ના પાડી ચુક્યા છે. કોરોના પ્રભાવિત દેશોની યાદીમાં અમેરિકા હાલમાં પણ સૌથી ઉપર છે.અમેરિકામાં અત્યાર સુધી ૩૩ લાખ લોકો સંક્રમિત થયા છે. જ્યારે એક લાખ ૩૭ હજારથી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. વિશ્વભરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨.૧૪ લાખ નવા કેસ સામે આવ્યા છે, જ્યારે ૪૯૯૬ લોકોનાં મોત થયા છે.

# કોરોનાને કારણે સીલ કરાઈ રાજસ્થાનની બોર્ડર, મુસાફરોની વધશે મુશ્કેલીયો

જયપુર,તા.૧૨

રાજસ્થાનમાં ચાલી રહેલા રાજકીય ઘટનાક્રમ વચ્ચે ફરી એક વખત રાજ્યની સરહદોને સીલ કરી દેવામાં આવી છે. રાજસ્થાન સરકારના ગૃહ વિભાગે આ મામલે આદેશ જાહેર કર્યા છે. સરકારી આદેશ પ્રમાણે કોરોનાના વધતા કેસની સંખ્યાને ધ્યાનમાં રાખીને રાજ્યની સરહદો સીલ કરવાનો નિર્ણય લેવાયો છે. રાજસ્થાનની જે પણ વ્યક્તિ રાજ્યની બહાર જવા ઈચ્છશે તેના માટે પાસ લેવો જરૂરી છે. એક તરફ રાજ્યની કોંગ્રેસ સરકારને પાડી દેવા પ્રયત્નો થઈ રહ્યા હોવાના સમાચાર સામે આવ્યા છે તેવા સમયે જ રાજસ્થાનની સરહદોને સીલ કરી દેવાનો આદેશ આપવામાં આવ્યો છે. રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતના આરોપ પ્રમાણે ભારતીય જનતા પાર્ટી (બીજેપી) રાજ્યની કોંગ્રેસ સરકારને પાડવા ષડયંત્ર રચી રહી છે.

હાલ રાજસ્થાનની સરહદ પર ચોકસાઈ વર્તવામાં આવી રહી છે. ધારાસભ્યોને રાજ્યની બહાર જતા અટકાવવા માટે રાજસ્થાનની સરહદને નિયંત્રિત કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. તે સિવાય પ્રદેશની સરહદ પર પોલીસનું ચેકિંગ પણ વધારી દેવાયું છે અને હાઈવે પર વિશેષ નાકાબંધી ચાલી રહી છે. એડીજી લો એન્ડ ઓર્ડર સૌરભ શ્રીવાસ્તવે સરહદને નિયંત્રિત કરવાનો આદેશ જાહેર કર્યો છે. ઉલ્લેખનીય છે કે અગાઉ પણ કોંગ્રેસના ધારાસભ્યોને હોટેલમાં રાખતા પહેલા રાજસ્થાન પોલીસે સરહદ નિયંત્રણનો આદેશ આપ્યો હતો.

રાજસ્થાનમાં કોંગ્રેસની સરકારને પાડી દેવા ષડયંત્ર રચવાના આરોપસર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (એસઓજી)એ ભાજપના બે નેતાઓની ધરપકડ કરી છે. ધરપકડ કરવામાં આવી તે ભાજપના નેતાઓ પર કોંગ્રેસના ધારાસભ્યોને પ્રલોભન આપવાનો આરોપ છે.

આ સાથે જ એન્ટી કરપ્શન બ્યુરો (એસીબી)એ ત્રણ ધારાસભ્યો વિરૂદ્ધ ધારાસભ્યોના ખરીદ-વેચાણનો ગુનો નોંધ્યો છે. તેમાં અપક્ષ ધારાસભ્ય ઓમપ્રકાશ હુડલા, સુરેશ ટાંક ઉપરાંત કોંગ્રેસના ધારાસભ્ય સુખબીર સિંહ જોજાવરનું નામ પણ સામેલ છે.

## રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની અસ્પષ્ટ નીતિઓને કારણે

# ખેડૂતોને વાવણી પહેલાં અને વાવણી પછી ના જોખમો સામે પ્રશ્નાર્થ ઉભો થયો : અર્જુનભાઈ મોઢવાડિયા

ગુજરાતમાં ખેડૂતોને પાક ધીરાણ અને પાક વિમા બાબતે રાજય સરકાર અને કેન્દ્ર સરકારની અસ્પષ્ટ નીતિઓને કારણે ખેડૂતોને વાવણી પહેલાં અને વાવણી પછીના જોખમો સામે પ્રશ્નાર્થ ઉભો થયો હોવાનું આક્ષેપ કરીને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે ખેડૂતોએ પાક ધીરાણની રકમ આપવામાં નથી આવી એટલું જ ખેડૂતો માટેનું "આઈ-ખેડૂત પોર્ટલ" જ બંધ હોવાથી ખેડૂતો કે બેંકો ઓનલાઈન પ્રીમીયમ ભરી શકી નથી અને આ પોર્ટલ ઉપર ઓનલાઈન કલેઈમ પણ થઈ શકતા નથી.

શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ વિગતો આપતાં જણાવ્યું હતું કે સામાન્ય રીતે ખેડૂતોને અગાઉનું ધીરાણ ૩૧મી મે સુધીમાં ભરીને નવું ધીરાણ મેળવવાનું રહે છે અને બેંકો નવા ધીરાણ આપતી વખતે પ્રધાનમંત્રી પાક વીમા યોજનાનું બે ટકા પ્રીમીયમ કાપીને વિમા કંપનીઓને ૩૧ જુલાઈ સુધી જમા આપવાનું રહે છે. આ સમગ્ર પ્રક્રિયા "આઈ-ખેડૂત પોર્ટલ"ઉપર ઓનલાઈન કરવાની હોય છે. પરંતુ આ વખતે કોરોના મહામારીને કારણે ખેડૂતોને લોનની ચુકવણી અને પૂનઃધીરાણ માટેની મુદત ૩૧મી મે ને બદલે ૩૧ ઓગસ્ટ સુધી કરી આપવામાં આવી હતી. પરંતુ મોટાભાગની બેંકોએ આ સરકારી પરીપત્રાનો ઉલાળીયો કરીને પાક ધીરાણની રકમ જમા લઈને નવા-જુનું કરવાની તારીખો મનમાની રીતે નક્કી કરી હતી. ૮૦% કરતાં વધારે ખેડૂતોએ પાક ધીરાણની રકમ જમા કરાવીને નવું ધીરાણ મેળવી અને પ્રીમીયમની રકમ બેંકોને જમા આપી દીધી છે. પરંતુ પોર્ટલ બંધ હોવાથી અને બેંકોએ ખેડૂતોને વિમા પ્રીમીયમની પહોંચ આપી નથી.

લોન લેનાર ખેડૂતોની પાક વીમા પ્રીમીયમની રકમ ખાનગી વીમા કંપનીઓમાં બેંકોએ કે ખેડૂતોએ જમા આપવાની છે. જે ખડૂતોએ લોન નથી લીધી તેઓએ બોજા ખેડૂતોની પ્રક્રિયા પુરી થાય એટલે કે ૩૧ ઓગસ્ટ પછી જ વીમા પ્રિમીયમ ભરી શકે હવે નોન બોજા ખેડૂતોને પ્રિમિયમ ભરવાનો અર્થ રહેવાનો નથી.

ખેડૂતોને વાવણી પહેલાં અને વાવણી પછીના જોખમો માટે પાક વીમા યોજના હેઠળ વળતર મળી શકે છે. સૌરાષ્ટ્રમાં ઘણા ખેડૂતોને અતિવૃષ્ટિ નુકશાન થયેલ છે. જયારે ઉત્તર ગુજરા અને બીજા વિસ્તારોમાં વાવણીનો વરસાદ નહીંવત કે ઓછો થતાં નુકશાન થયેલ છે. આવા ખેડૂતોને પાક વીમા કલેઈમ માટે "આઈ-ખેડૂત પોર્ટલ"બંધ છે એટલું જ નહીં બેંકોએ પ્રીમીયમ સમયમાં જમા ના આપ્યું હોય તો ખેડૂતોને વીમો મળશે કે કેમ તે સવાલ ઉભો થયો છે.

શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ ભાજપ સરકારની અણઆવડત ગંભીર બેદરકારી ઉપર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે જે રીતે અવિચારી ઓચીંતુ લોકડાઉન કરીને કરોડો લોકોને ભુખમાર તરફ ધકેલી દેવામાં આવ્યા હતા તે જ રીતે અવિચારી પરીપત્રો કરીને અને સરકારના વિભાગો વચ્ચે સંકલનના અભાવે અને "આઈ-ખેડૂત પોર્ટલ"બંધ રાખીને ભાજપ સરકારે ખેડૂતોને પાક વીમાનું ન પુરાઈ તેવું નુકશાન કર્યું છે. જે ખેડૂતોએ ભારે વરસાદને કારણે તેમજ અતિ ઓછા વરસાદને કારણે નુકશાન થયું છે તેનું પાક વિમા દ્વારા વળતર આપવાની અથવા તો રાજય સરકાર પોતે જ આવું વળતર આપે અને પાક વીમાના પ્રિમિયમની રકમ વીમા કંપનીઓમાં સમયસર ન જમા કરાવવાની ઘટના અંગે તપાસ કરાવીને જવાબદારો સામે પગલાં લે તેવી માંગણી કરી છે.

(જયરાજસિંહ પરમાર)

## ભેંશ વંશ પાડાને કોઈપણ પ્રકારના ઘાસચારા અને પાણીની સગવડતા વગર

# કતલ કરવાના ઈરાદે બાધી રાખી ગુન્હો કરેલ હોય તેના વિરૂધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરતી અમરેલી સીટી પોલીસ



મ્હે.પોલીસ અધીક્ષક શ્રી નિર્લિપ્ત રાય સાહેબ તેમજ નાયબ પોલીસ અધીક્ષક શ્રી એમ.એસ.રાણા સાહેબનાઓએ અમરેલી જીલ્લામાં ગે.કા. રીતે મુંગા જીવને કતલ કરવા જેવી પ્રવૃતીને નેસ્ત નાબુદ કરવા સુચનાઓ કરેલ હોય જે અનુસંધાને અમરેલી સીટી પો.સ્ટેના પો.ઈન્સ કે.ડી.જાડેજા સાહેબની રાહબરી નીચે અમરેલી સીટી પો.સ્ટે ના અના.લોકરક્ષક પ્રભાતસીંહ ગોહીલનાઓની ખાનગી બાતમી રાહે હકીકત મળેલ હોય કે,અમરેલી મોટાકસ્બાવાડ જુમ્મા મસ્જીદ પાસે ખત્રીવાડમાં રહેતો રફીકભાઈ ઉર્ફે શેટ્ટી આદમભાઈ કાલવા વાળો પોતાના રહેણાંક મકાને ગે.કા.રીતે ભેંશ વંશ પાડા કતલ કરવાના ઈરાદે ગોંધી (બાંધી) રાખેલ છે જેથી અમરેલી સીટી પો.સ્ટે.ના પો.સબ ઈન્સ.ડી.બી.ચૌધરી સાહેબ તથા અના.હેડ કોન્સ. નિલેષભાઈ લંગાળીયા તથા પો.કોન્સ.પ્રવિણસીહ બારીયા તથા અના.લોકરક્ષક દેવાંગભાઈ મહેતાએ રીતેના ઉપરોકત બાતમીવાળી હકીકતે રેઈડ કરતા ત્હો.રફીકભાઈ ઉર્ફે શેટ્ટી આદમભાઈ કાલવા ઉ.વ.૫૫ ધંધો મજુરી રહે.અમરેલી મોટાકસ્બાવાડ જુમ્મા મસ્જીદ પાસે ખત્રીવાડ તા.જી.અમરેલી વાળાએ ગે.કા.રીતે પોતાના હવાલાવાના ભેંશ વંશ પાડા જીવ નંગ-૧ (એક) કુલ કિ.રૂ.૬૦૦૦/- ના કોઈપણ પ્રકારના ઘાસચારા અને પાણીની સગવડતા વગર કતલ કરવાના ઈરાદે બાધી (ગોંધી) રાખી રેઈડ દરમ?યાન પકડાઈ જઈ ગુન?હો કરેલ હોય તેના વિરૂધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

પકડાયેલ ઈસમ

ત્હો.રફીકભાઈ ઉર્ફે શેટ્ટી આદમભાઈ કાલવા ઉ.વ.૫૫ ધંધો મજુરી રહે.અમરેલી મોટાકસ્બાવાડ જુમ્મા મસ્જીદ પાસે ખત્રીવાડ તા.જી.અમરેલી

રિપોર્ટર... ભરતભાઈ ખુમાણ




# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ.આયોજક - સંચાલન એડમીન ટીમ.

ન્યુઝ ઓફ ગાંધીનગરમાં દરેક
સ્પર્ધકનું સ્વાગત છે
ગદ્ય વિભાગ
(૧.)શીર્ષક-યાદોની સુવાસ
નેહા બગથરીયા.જૂનાગઢ
૨)શીર્ષક -યાદીમાં એકવીસ વર્ષો
મનોજ પંચાલ "મન".
પાલનપુર
(૩)શીર્ષક -સ્વપ્રના સહારે
જયોતિ આચાર્ય.અમદાવાદ
પદ્ય વિભાગ
૧)ઋશીર્ષક - તેરી ઓર
ડો નિષાદ ઓઝા "અમન"
૨)શીર્ષક -પ્રણયને આદર આપું છું
અંજના ગાંધી"મૌનું "
(૩)શીર્ષક -પ્રકૃતિ મારી સખી
કૃણાલ ટેલર
(૪)શીર્ષક-પ્રકૃતિનાં સાનિધ્યમાં
વૈશાલી મહેતા
(૫)શીર્ષક- સ્વપ્ર લોક
ડો રેખા શાહ
વિજેતા મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન
એડમિન પેનલ?
ચિત્ર પરથી સ્પર્ધા
NG 0012
.6-7-8 July -2020

---

શીર્ષક : તેરી ઓર
યું બાદલોંસે
મુહબ્બત કિતબોમેં
કૈસે છપ ગઈ હૈ.. !!
પુરા સમંદર પ્યારકા
ઉમડ ગયા હૈ
મેરે જહેનમે
ઘોડે રફ્તારસે બઢ
રહે હૈ મેરે
અતીતકી ઓર તેજીસે
મેરે બિછડે હુએ
બલમકો
ઢૂંઢ રહા હૈ
ગહેરે ઘાવકે
મલહમકો
ઔર ઉઠ જાતી હૈ
લ્હેરે કિસીકી
મીઠી યાદોકી
આઁખોકે કિનારે
ઔર
છલક જાતા હૈ
સાગર તન્હાઈયોંકા
છીન લેતા હૈ
ફિરસે પાની
બાદલ બનકે
ઔર ફિર મેં
કિતાબસે નિકલકે
ડાલ દેતી હું
ઈક નઝર
પહાડકો ચીરકે
નીકલતે ઝરનોકે
ઉસ પાર બાદલોમેં
તુઝે દેખને,
પર
કિતાબમેં
તુને લિખે હુએ
કલામને
દૌડા દિયે હૈ
પ્યારકે વહી
રફ્તારકે ઘોડે
જો મેરી ઔર
મુઝે લેને આ રહે હૈ
ફિરસે તેરી ઓર.. તેરી ઓર... !!!
- ડો.નિષાદ ઓઝા "અમન"

---

વિભાગ : પદ્ય
NG num:0033
શીર્ષક :પ્રકૃતિ મારી સખી
આ પ્રકૃતિને મારી હું સખી બતાવતી.
સુખ હોય કે દુઃખ બધું કિનારે
સંભાળવતી.
સારું હોય કે ખરાબ બધું એની અંદર
સમાવતી
બદલામાં દુઃખ છૂપાવી ખુશીથી એ
લહેરાતી.
પ્રેમરૂપી લહેરની ચાદર મને ઓઢાડતી.
સુખના સફેદ ઘોડા, દુઃખના કાળા
ઘોડાને ભગાડતી.
પ્રેમી પંખીડાનું મિલન બાદ છૂટા
પડવાનું સાંભળી.
આંસુરૂપી પહાડમાંથી ઝરણુ ધોધમાર
વરસાવતી.
એટલે, જ આ પ્રકૃતિને મારી સખી
બતાવતી.
ટેલર કૃણાલ શાંતિલાલઈં...સુરત

---

N.G.no/0026
વિભાગ - પદ્ય લગાગા ૪
મુતકારિબ છંદ.
શર્ષક - પ્રણય આદરું છું..
હું સ્વપ્નો ની દુનિયા સજાવી ફરું છું!
તને યાદ દિલથી પછી હું કરું છું!
કદી લાગતું આસમાને મળ્યા ને!
કદી સાથ તારી નદીમાં તરું છું!
કરી બંધ આંખો, □દયથી ત્યાં ભાળું!
હું તારી છબીને નિરંતર સ્મરું છું!
ન લાગે નજર કોઈ બૂરી પ્રણયને!
સદા નૈનમાં એથી કાજળ ભરું છું!
પહાડો, નદીઓ, ઝરણ સૌ ને વાદળ!
બનાવી સહારો પ્રણય આદરું છું!
અંજના ગાંધી "મૌનું" વડોદરા ૬-૭-
૨૦૨૦

---

પદ્ય વિભાગ
NG NO: 40
શીર્ષક : પ્રકૃતિનાં સાનિધ્યમાં
પુસ્તક પર ચક્ષુઓનો પહેરો,
પણ મનડાને નથી ક્યાંય પોરો!
ઓઢી જાણે સમંદરની લહેરો !
અશ્વ વેગે ઉછળી વિચારોની છોળો!
દીસે છે પર્વતો ને ખળખળતાં ઝરણાં,
રેતીની ગાદલીમાં આનંદ અનેરો!
સાનિધ્ય પ્રકૃતિનું એટલું અનુપમ
વર્ણવવા ઓછો પડે શાહીનો કટોરો!
ખીલી છે સંધ્યા સોળે કળાએ,
પ્રિતનો રંગ થતો જાય ગહેરો!
આ પ્રકૃતિ ય જાણી ગઈ દલડાંની વાત!
આભમાં કંડાર્યો એણે તારો-મારો
ચહેરો!
વૈશાલી જે મહેતા.

---

NG. No. - 0034
વિભાગ : પદ્ય( મૌલિક રચના)
શીર્ષક : સ્વપ્નલોક
સ્વપ્નલોકની કો' સુંદરી
આજ આવી મારાં સપનાંમાં
ભીની સમંદરની રેત-સી
મૃદુ ને ગૌર છે જેની કાયા
માદક એની નશીલી આંખોમાં
ઘૂઘવે જાણે સાત સમંદર
જોઈ એને આજ મારાં મનમાં
ઉછળે અરમાનો કોરાં- કોરાં
લહેરોની રેશમી ચાદર ઓઢીને
સૂતી છે એક જલપરી-સી
કરે છે રસપાન એ પ્રેમગ્રંથનું
વહે છે જાણે કો' પ્રેમસરિતા
યૌવનનાં ઘોડા કરે થનગનાટ
ને દિલમાં થાય અનેરો ખળભળાટ
કરું સ્વૈરવિહાર એની સંગે
ને રચાય પ્રેમાકૃતિ સુંદર નભમાં
ઉછળે લાગણીઓ ભરતીની જેમ
પ્રેમરસની આવે ના ઓટ મારાં
હૃદયમાં
ડો. રેખા શાહ

---

એડમીન પેનલ - પ્રદીપ રાવલ (તંત્રી/ માલિક)
નિર્ણાયકશ્રી-જયશ્રી પટેલ,વંદના વાણી,કિશોર ઠક્કર
સહ નિર્ણાયક - આરતી મર્ચન્ટ ,આરતી રામાણી
સંચાલક - જીજ્ઞા કપુરિયા
સહ સંચાલક - મનીષ વોરા,પ્રણવ ઝાંખર

---

નોધ :- ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક પ્રસિદ્ધ સાહિત્ય વિભાગ ના આયોજક,આયોજન,સંચાલન હવે પછી સાહિત્ય વિભાગ ગ્રુપ એડમિન કરશે.કોઈપણ લખાણ કે વ્યક્તિગત વાદ વિવાદ જવાબદાર એડમીન ટીમ રહેશે.તંત્રી ક્યાંય પણ કોઈપણ લખાણ કે ગ્રુપ મેમ્બરોને લગતા વાદ વિવાદ ને જવાબદાર નથી.જે સર્વે આં ગ્રુપ ના મેમ્બર નોધ લેવી ..તંત્રી : પ્રદીપ રાવલ




# શિક્ષકોની વ્યથા કોણ સમજશે?

અત્યારે સૌથી પીડિત કોઈ વર્ગ હોય તો તે છે શિક્ષક વર્ગ..કોરોના ને કારણે શિક્ષણ સૌથી વધુ જોખમમાં મુકાયું છે..એપ્રિલ મહિનાથી શિક્ષકો પગાર વગર જીવન ગુજારે છે..શ્રમિક વર્ગને તો સહાય મળી..ધનિક વર્ગને જરૂર નહોતી પરંતુ શિક્ષક વર્ગ ને કોઈ પૂછતું જ નથી.!.જે સમાજને શિક્ષિત કરવાનું કામ કરે છે તે આજે નિઃસહાય હાલતમાં છે..આમાં ગ્રાન્ટેડ શાળાનાં શિક્ષકોની હાલત સારી છે..તેમને સરકાર પગાર ચૂકવે છે . પરંતુ ખાનગી શાળાનાં શિક્ષકોની કફોડી હાલત છે . રામ જાણે જુલાઈમાં પણ પગાર ચૂકવશે કે નહિ..અત્યારે તો ઓન લાઈન શિક્ષણને બહાને શાળાએ બોલાવે છે...આ શિક્ષણ પણ કેટલું રાહત આપશે તે તો સમય જ કહેશે..જે મોબાઈલ વિદ્યાર્થીઓને આપવાની મનાઈ કરતાં હતાં તે જ શાળા હવે મોબાઈલ હાથમાં આપવાનું કહે છે...એક ઘરમાં બે બાળકો હોય ને બે મોબાઈલ હોય તો કોણ વાપરે? મા બાપ કે છોકરા? નવા મોબાઈલનાં ખર્ચા પરવડે તેમ નથી..ત્યાં શાળામાંથી હુકમ છૂટે ઓન લાઈન બેસાડો..કેવી રીતે ભણાવી શકાશે આ પરિસ્થિતિમાં!!??આ રીતે તો એક ને શિક્ષણ મળશે અને બીજાં ગરીબને નહિ મળે..શિક્ષકની સામે બેસીને પણ કે સરખી રીતે નથી ભણતાં તે બાળકો મોબાઈલમાં કેવી રીતે શીખશે? અત્યારે તો ઓન લાઈન શિક્ષણને નામે ધંધો કરવાની હરીફાઈ ઉપડી હોય એમ લાગે છે...આમાં બાપડો શિક્ષક પીસાય છે.. વાલી અને સંચાલકની વચ્ચે..હવે જો વિદ્યાર્થી ફિ ભરે તો જ શિક્ષકોને પગાર અપાય..ફી નહીં લે તો પગાર નહીં મળે અને શિક્ષક ભૂખે મરે..

છે કોઈ ઉપાય શિક્ષક અને શિક્ષણને બચાવવાનો આ કપરા કોરોના કાળમાં??દિલીપ વી ઘાસવાલા...સુરત

સંબંધે સંબંધે . . .
થોડો ફરક મળશે , , ,
ક્યાંક ઉજરડા તો
ક્યાંક મલમ મળશે . . . !
નિભાવશો સંબંધ
સ્નેહથી . . .
તો પણ ક્યાંક દુર્યોધન , , ,
ને ક્યાંક સુદામો મળશે . . . !!
ઉમરને હરાવી હોય તો , , ,
શોખ જીવતા રાખો . . .
સાંભળ્યું છે કે હૃદય પર , ,
કરચલીઓ નથી પડતી . . . !!
બે પળની છે જીંદગી , , ,
તોય જીવાતી નથી . . .
એક પળ ખોવાઇ ગઇ છે , , ,
બીજી સચવાતી નથી . . . !!
પત્તામાં જોકર અને અંગતની ઠોકર , , ,
હમેશાં બાજી પલ્ટી નાખે છે . . . !!
અસ્તિત્વ પર ઘણાં
" ઉઝરડા " થાય છે , , ,
ત્યારે એક માણસ
" સમજદાર " થાય છે . . . !

# શ્રીસ્થળ ઔદીચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ કન્ઝ્યુમર્સ એન્ડ ક્રેડિટ કો. ઓપ. સોસાયટી લી. સિદ્ધપુર દ્વારા વાર્ષિક સાધારણ સભા યોજાઈ



(ધ્રુવ દવે.સિદ્ધપુર)

૧૦૦૦ ઉપર સભાસદ ધરાવતી શ્રીસ્થળ ઔ.સ.બ્રાહ્મણ કન્ઝ્યુમર્સ એન્ડ ક્રેડિટ સોસાયટી સિદ્ધપુર દ્વારા જનરલ યોજાઈ જેમાં દરેક સભાસદના સહયોગથી સતત ચોથા વર્ષે ૧૦% ડિવિડન્ડ જાહેર કરાયું.

આ વર્ષે ૧૦૦૦ ઉપર સભાસદ પૂર્ણ થયા , એક કરોડ ઉપર ટર્ન ઓવર પૂર્ણ કર્યું છે.

જનરલ સભા સવારે ૧૧ થી ૧૨-૩૦ માં સરકારની ગાઈડલાઈન મુજબ યોજી હતી જેમાં સલામતી જળવાય એ હેતુથી બે બે સભાસદને સોસિયલ ડિસ્ટન્સ જાળવી સેનેટાઈઝર કરી પ્રવેશ આપી ઠરાવ વાંચી સહી કરી મો મીઠું કરી પરત ફર્યા હતા એ રીતના આયોજન દ્વારા સલામતી તથા સુરક્ષા જાળવવા સંપૂર્ણ સહકારથી જનરલ સભાનું કાર્ય પૂર્ણ થયું હતું.

વધુમાં લક્ષ્મી વધામણી યોજના અંતર્ગત ૫ સભ્યો જેના ઘરે ગત વર્ષ દરમિયાન લક્ષ્મીજીનો જન્મ થયો હતો એમને પાંચ વર્ષીય બોન્ડઝ તૈયાર કરી આપવામાં આવ્યા હતા.

# કોરોના ટેસ્ટ લેબની માંગ સાથે પ્રતિક ઉપવાસ પર બેઠેલા ધાનાણીની અટકાયત

ગાંધીનગર,તા.૧૨

અમરેલી. અમરેલી જિલ્લામાં કોરોના કેસની સંખ્યા દિવસેને દિવસે વધતી જાય છે. ત્યારે વિપક્ષ નેતા પરેશ ધાનાણીએ સરકાર પાસે કોરોના લેબની માંગ કરી હતી. આ માંગ ન સંતોષોતા આજે રવિવારે પરેશ ધાનાણી સિવિલ હોસ્પિટલમાં પ્રતિક ઉપવાસ આંદોલન પર બેસી જતા પોલીસે તેની અટકાયત કરી છે. અમરેલી સિટી પોલીસે પરેશ ધાનાણીની અટકાયત કરી પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા છે. પોલીસ અને પરેશ ધાનાણી વચ્ચે રકઝક થઈ હતી. પોલીસે કહ્યું મંજૂરી નથી લીધી એટલે અટકાયત કરવામાં આવી રહી છે. તો પરેશ ધાનાણીએ પોલીસને જણાવ્યું હતું કે, સાહેબ આ લોકશાહી છે કોઈ પણ વ્યક્તિ પોતાના હક્ક માટે વિરોધ કરી શકે છે.

ધરણાંની મંજૂરી લેવાની ન હોય. પરંતુ પોલીસે પરેશ ધાનાણીના બંને હાથ અને પગ પકડી ટીંગાટોળી સાથે પોલીસ વાનમાં બેસાડી દીધા હતા. ટીંગાટોળી કરવામાં આવી રહી હતી ત્યારે પોલીસે મીડિયાને જણાવ્યું હતું કે, અંગ્રેજો કરતા પણ બદતર હાલત આ સરકારની છે. કોરોનાના કેસ વધતા જાય ત્યારે સરકારે અમરેલીમાં પણ લેબ આપવી જોઈએ. આ અંગે મેં સરકારમાં પણ રજૂઆત કરી છે. પરંતુ સરકાર તરફથી યોગ્ય જવાબ નહીં મળતા પ્રતિક ઉપવાસ પર બેસવાની ફરજ પડી છે. આ લોકશાહીનો દેશ છે. કોઈ પણ વ્યક્તિ વિરોધ કરી શકે છે.

પરેશ ધાનાણીએ શુક્રવારે અમરેલી સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. વધતા કેસોને લઈને સેમ્પલ ભાવનગર અને રાજકોટ મોકલવામાં આવી રહ્યા છે એટલે ટેસ્ટ જરૂર મુજબ ન થતાના આક્ષેપ સાથે કોરોના લેબ તાત્કાલિક ધોરણે નહીં ફળવાય તો પરેશ ધાનાણીએ રવિવારે પ્રતિક ઉપવાસ આંદોલન કરીશ તેવી ચિમકી ઉચ્ચારી હતી.

# માણાવદર તાલુકામાં વરસાદથી થયેલ નૂકશાનીનો સર્વે કરવા તાલુકા કોંગ્રેસ પ્રમુખની માંગ

માણાવદર તાલુકા ના બાંટવા ગામે આવેલ ખારાડેમ ઉપરવાસમાં પડેલા અતિભારે વરસાદ ને કારણે ઓવરફ્લો થયો હતો જેના લીધે બાંટવા ખારાડેમના બાર દરવાજા બે ફૂટ સુધી ખોલાયા હતા આ ડેમના દરવાજા ખોલવાથી નીચાણવાળા ગામો જેવા કે કોડવાવ, થાપલા, સમેગા, ગઢવાણ, ધરસંડ, કવલકા, રેવદ્રા સહિતના અનેક ગામોમાં આ ડેમના પાણી ના લીધે ખેતીમાં ખુબ મોટાપાયે નુકસાન થવા પામ્યું છે તેમજ ભાદર નદીના કાંઠા ગામો તેમજ ઓઝત નદીના કાંઠા ગામો બાંટવા ખારાડેમ નીચેના ગામો ના ખેતરોમાં ધોવાણ થયેલ છે મગફળી, કપાસ, તલ, જુવાર જેવા પાકો પણ ઘણા વિસ્તારમાં નાશ પામેલ છે તો ત્યારે તાલુકામાં નુકશાન થયેલ ગામોમાં તાત્કાલીક ખેતર ધોવાણ તથા પાક નિષ્ફળ નો સર્વે કરી ખેડૂતોને સહાય ચૂકવવા માણાવદર તાલુકા કોંગ્રેસ પ્રમુખ અરવિંદભાઇ લાડાણી દ્વારા મુખ્યમંત્રી ને એક પત્ર લખી રજૂઆત કરાય છે

રીપોર્ટર- જીજ્ઞેશ પટેલ માણાવદર

# રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ - મોડાસા દ્વારા ગુરૂવંદના કાર્યક્રમ RSS કાર્યાલય મોડાસા ખાતે યોજાયો




રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ - મોડાસા તાલુકો (અરવલ્લી) નો ગુરૂવંદના કાર્યક્રમ RSS કાર્યાલય મોડાસા ખાતે યોજાયો હતો. કોરોના મહામારીના સમયમાં સોસિયલ ડિસ્ટન્સીગનુ પાલન અને માસ્ક, સેનેટાઈઝરનો ઉપયોગ પણ અચૂક કરવામાં આવ્યો હતો. કોરોના મહામારી અંતર્ગત યોજના મુજબ ખૂબ જ મર્યાદિત સંખ્યામાં શિક્ષક મિત્રો ઉપસ્થિત રહ્યા હતા અને ગુરૂપૂજન કરવામાં આવ્યું. જેમાં મોડાસા તાલુકાની કારોબારી ના સદસ્યો અને હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લી જિલ્લા શૈક્ષિક મહાસંઘના પ્રમુખ મિનેષભાઈ પટેલ , ઉપપ્રમુખ પ્રગ્નેશભાઈ શર્મા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વક્તા તરીકે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના મોડાસા નગર કાર્યવાહ ડૉ. બ્રિજેશભાઈ ચંદ્રરાવે સંઘ પરિચય અને સામ્પ્રત સમયમાં શિક્ષક ની ભૂમિકા વિષય પર બૌદ્ધિક આપ્યું હતું. કોરોના ની આ મહામારી માં પોતાના કાર્યક્ષેત્રની શાલાના બાલકોના સતત સંપર્કમાં રહી કોરોનાથી બચવા માટે સરકારની અને આરોગ્ય વિભાગની ગાઇડલાઇન દરેક વિધ્યાર્થી સુધી આપવા પ્રયત્નશીલ રહેવા અનુરોધ કર્યો હતો. ઉપરાંત ઑનલાઇન શિક્ષણ થી વિદ્યાર્થીઓને ભણાવવા ભાર મૂક્યો હતો. જિલ્લા પ્રમુખ મિનેષભાઈ પટેલે સંગઠનના ક્ષેત્રવિસ્તાર પર ભાર મૂકવાની વાત કરી હતી. સૌ શિક્ષક બંધુઓ એ ભગવાન વેદવ્યાસ ની તસવીર નું પૂજન કર્યુ હતુ.સમગ્ર કાર્યક્રમનું સંચાલન મોડાસા તાલુકાના અધ્યક્ષ રિતેશભાઈ પટેલ અને મંત્રી ધર્મેશભાઈ પરમારે કર્યું હતું.

## મોડાસા ડેપો માંથી સુરત જતી એસટી બસો કોરોના વાહક બની શકે છે...!!

# આરોગ્ય તંત્ર સુરતથી આવતા મુસાફરો,તમામ લોકોનું સઘન ચેકીંગ કરવામાં આવેની લોકમાંગ




મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો

ગતિશીલ ગુજરાતમાં કોરોનાએ ગતિ પકડતા સરકાર અને આરોગ્ય તંત્ર વાઈબ્રન્ટ બની ગયું હોય તેમ કોરોના બેકાબુ બની રહ્યો છે રાજ્યમાં સુરત કોરોનાનું હોટસ્પોટ બન્યું હોય તેમ કોરોનાના કેસ કૂદકે ને ભૂસકે વધી રહ્યા છે સુરતમાં ફેલાયેલું કોરોનાનું સંક્રમણ અરવલ્લીમાં કોરોનાને વધુ ચેપગ્રસ્ત ન બનાવે તે માટે આરોગ્ય તંત્ર દ્વારા સુરત થી આવતાં મુસાફરોનું અને વિવિધ વાહનો મારફતે પ્રવેશતા લોકોનું સઘન ચેકીંગ હાથધરવામાં આવે તેવી લોક માંગ પ્રબળ બની છે હાલ પુરતુ હિંમતનગર ડિવિઝનની સુરત વાયા અમદાવાદના એસટી બસના રૂટ બંધ કરી દેવામાં આવ્યા છે પરંતુ મોડાસા થી સુરત વાયા ગોધરા અને અન્ય રૂટ પર જતી એસટી બસના ૭ થી વધુ રૂટ ચાલુ રહેતા અરવલ્લી જીલ્લામાં કોરોનાના સંક્રમણ નો ખતરો પેદા થતા જાગૃત નાગરિકોમાં અમદાવાદ તંત્રે એસટી બસના રૂટ બંધ કરવાના નિર્ણય જેમ થોડો સમય મોડાસા થી સુરત આવતી જતી બસના રૂટ બંધ કરવામાં આવેની માંગ પ્રબળ બની છે

રાજ્યમાં ૧ જુલાઈ થી એસટી બસ શરૂ કરવામાં આવી છે કોરોનાના સંક્રમણના પગલે લોકો હજુ પણ બસમાં મુસાફરી કરવાનું ટાળી રહ્યા છે હ રાજ્યમાં કોરોના પોઝેટીવ દર્દીઓન મામલે અમદાવાદને પાછળ છોડી દેનાર સુરતમાં કોરોનાનું સંક્રમણ ઝડપથી ફેલાઈ રહ્યું છે ત્યારે સુરત થી આવતા લોકો કોરોનાગ્રસ્ત મોડાસા શહેર અને અરવલ્લી જીલ્લામાં વધું સંક્રમણ ફેલાવવાની ભીતિ પેદા થઈ છે સુરતમાં કોરોનાનું સંક્રમણ વધતા નોકરી-ધંધા અર્થે સ્થાયી થયેલા લોકોએ પરત અરવલ્લી તરફ પ્રયાણ ભણ્યું છે જેના કારણે જો સુરતના લોકો અરવલ્લી જીલ્લામાં આવે તો મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં કોરોના પોઝેટીવ દર્દીઓનો ગ્રાફ વધુ ઉપર જઈ શકે છે . સુરતથી અમદાવાદ આવતી જતી એસટી બસનું સંચાલન બંધ કરવામાં આવ્યું છે તેમ અરવલ્લી જીલ્લામાં પણ બસોનુ થોડા સમય પૂરતું સંચાલન બંધ કરવામાં આવે અને સુરત થી આવતી તમામ બસો અને ખાનગી વાહનો મારફતે પ્રવેશતા લોકોનું સઘન ચેકીંગ કરવામાં આવેની જાગૃત નાગરિકો માં માંગ પ્રબળ બની છે સુરત થી આવતા લોકોને આરોગ્ય તંત્ર હોમ કોરન્ટાઇન કરે તે ખુબ જરૂરી છે . સુરતમાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે ત્યારે મોડાસા એસટી ડેપો માંથી ૭ થી વધુ એસટી બસ સુરત-મોડાસા અરસ-પરસ આવી રહી છે અને અન્ય વાહનો મારફતે પણ સુરતમાં આવન-જાવન ચાલુ હોવાથી મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં કોરોનાનું સંક્રમણ વધુ ઘેરું બની રહ્યું છે ત્યારે સુરત થી એસટી બસ મારફતે આવતા મુસાફરોનું આરોગ્ય ચકાસણી કરવામાં આવે છે કે નહિ તે અંગે ટેલિફોનિક પૂછપરછ કરતા ડૉ.અમરનાથ વર્માએ એસડીએમ નો આદેશ તાલુકા આરોગ્ય અધિકારી ને થશે ત્યારે મુસાફરોનું ચેકીંગ થશે તેમ જણાવ્યું હતું ત્યારે જોવું રહ્યું કે એસડીએમ નો આદેશ ક્યારે થશે...!! અને તાલુકા આરોગ્ય ટિમ મુસાફરો અને સુરત થી આવતા લોકોની આરોગ્ય ચકાસણી ચાલુ કરશે તે તો આવનારા સમયમાં પણ ખબર પડશે પરંતુ હાલ પુરતું તો એસટી બસ કોરોનાનું વાહક બને તો નવાઈ નહિ..?

# અક્ષય કૉ.ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લિ.સમી એ આજે શંખેશ્વર બ્રાન્ચનો શુભારંભ કર્યો



(ધ્રુવ દવે.સિદ્ધપુર દ્વારા)

સમી ખાતે ચાલતી અક્ષય કૉ.ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લિ.સમી એ આજે શંખેશ્વર બ્રાન્ચનો શુભારંભ કર્યો.જેમાં આજે સહકાર ભારતી,ગુજરાત પ્રદેશ સર્વ સેલ ઉપાધ્યક્ષ અને ઉત્તર ગુજરાત કૉ.ઓપ.ફેડરેશન લિ.ના ડિરેક્ટર અને અક્ષયના સંસ્થાપકશ્રી હરિભાઈ પટેલ,અક્ષયના ચેરમેનશ્રી મોહનભાઈ દેસાઈ અને મહેસાણા ડિસ્ટ્રિક્ટ બેંકના ડિરેક્ટરશ્રી અજાભાઈ કટારીયાના વરદ હસ્તે બ્રાન્ચ નો શુભારંભ બિલકુલ સાદગી સાથે તેમજ કોરોનાનાં કાળમાં અક્ષય કૉ.ઓપ.ના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અને શંખેશ્વર શાખા વિકાસ સમિતિના સભ્યોની હાજરીમાં શંખેશ્વર સરપંચ અને ડેલિગેટશ્રી જગદીશભાઇ ડાભી,વા.ચેરમેનશ્રી પરસોત્તમભાઈ પટેલ,બ્રાન્ચ સંચાલકશ્રી હરિભાઈ રાજપૂત,શાખા ડિરેક્ટરશ્રી હીરાભાઇ ચાવડા,ડિરેક્ટરશ્રી મોતીભાઈ ડોડીયા, અક્ષયના જનરલ મેનેજરશ્રી હસમુખભાઈ ડાભી,વિકાસ સમિતિ સદસ્યશ્રી ભરતભાઈ ગોહિલ,શ્રી નરેશભાઈ સિંધવ અક્ષયના શંખેશ્વર બ્રાન્ચના કા.મેનેજરશ્રી ચિંતનસિંહ રાજપૂત સહીતના કાર્યવાહકોની મર્યાદિત હાજરીમાં શોસિયલ ડિસ્ટંસ જાળવીને જરુરી સેનેટાઈઝર,માસ્ક તેમજ ટેમ્પરેચર સ્કિનીન્ગ સાથે શુભારંભ કરવામાં આવ્યો હતો.આજે શાખાની શરૂઆતમાં જ ૨૧૧ સભ્યો અને ફિક્સ થાપણ સાથે કુલ?૫,૨૫,૦૦૦/-ના ભંડોળ સાથે શુભારંભ થયો હતો.આજે કોવિડ-૧૯ની અસરોના કારણે સભાસદો સહીત કોઈપણ લોકોને આમંત્રણ આપવામાં આવ્યાં નહોતાં છતાં સભ્યોનો સારો પ્રતિસાદ મળ્યો હતો.

ઉલ્લેખનીય છે કે અક્ષય માત્ર ૬ વર્ષના સમયમાં તેની બીજી શાખા ખોલી સમી અને શંખેશ્વર તાલુકા મથકોએ સમાજની સેવા માટે ×બેટી બચાવો,બેટી પઢાવો×,×મૃત્યુ સહાય નિધિ,અકસ્માત વિમા કવર,સભ્યોના સંતાનોને ઉચ્ચ અભ્યાસ માટેની પ્રોત્સાહન યોજનાઓ,કોવિડમાં માસ્ક અને સેનેટાઈઝર વિતરણ,સી.એમ.રાહતમાં ફાળો, પ્લાસ્ટિક મુકત ભારત ઝુંબેશ,પૂરરાહતમાં સહાય અને સહકારી પ્રવૃત્તિના વ્યાપ-વિસ્તારમાં યોગદાન દ્વારા સેવામાં અગ્રેસર ભૂમિકા અદા કરતાં ×નાનેરા માનવીની ઊંચી ઉડાન× ધ્યેય વાક્યને સાચા અર્થમાં ચરિતાર્થ કરી રહી છે.

## મોડાસા-શામળાજી હાઈવે પર ઠેર ઠેર પડેલા ખાડા થી અકસ્માતની હારમાળા

# જીવણપુર નજીક કાર ખાડામાં પડતાં હવામાં ફંગોળાઈ લોકોએ કર્યો ચક્કાજામ



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો

દિલ્હી થી મુંબઈ ને જોડતો શામળાજી-ગોધરા રાજયધોરી માર્ગ પર ઠેર ઠેર ખાડા પડી જતા હાલ સમારકામ ચાલતું હોય ઠેરઠેર આડેધડ ડાયર્વઝન આપ્યા છે હાઈવે પર પડેલા ખાડાઓ લઈ વારંવાર અકસ્માતની ઘટનાઓ બની રહી છે હાઈવેનો ખાનગી કોન્ટ્રાક ધરાવતી કંપની અને જવાબદાર તંત્ર પાપે છેલ્લા કેટલાય દિવસથી રોડ ઉપર પડેલ ખાડા ને લઈને વાહન ચાલકો થાપ ખાઈ જતાં સ્ટેરીગ ઉપર કાબુ ગુમાવતા અકસ્માતોમાં વધારો થયો છે તો કેટલાય લોકો ના હાથ પગ ભાગવાનો વારો આવ્યો છે શનિવારે રાત્રે જીવણપુર ગામ નજીક રોડ પર પડેલા ખાડાઓના લીધે કાર ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા કાર હવામાં ફંગોળાઈ ડિવાઈડર કુદી હોટલ આગળ ખાબકતાં ભારે અફડાતફડી મચી હતી હાઈવે પર વારંવાર થતા અકસ્માતના પગલે લોકોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો લોકોએ હાઈવે પર ચક્કાજામ કરતાં હાઈવે પર વાહનોંની લંબી કતારો જામી હતી પોલીસતંત્ર તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી લોકો સાથે સમજવાટ કરી હાઈવે ખુલ્લો કરવામાં આવતા ટ્રાફિક પુર્વરત થયો હતો સદનસીબે કાર ચાલકનો આબાદ બચાવ થતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો

શામળાજી થી મોડાસા સુધીના રોડ પર પડેલા ખાડાઓ પુરવામાં નં આવતા ડિસ્કો રોડથી તોબા પોકારી ઉઠ્યા છે પ્રથમ વરસાદમાં જ શામળાજી થી મોડાસા સુધીનો હાઈવે અનેક જગ્યાએ ધોવાઇ ગયો છે. જેને લઈ વારંવાર અકસ્માત સર્જાતા છે. આ સાથે વાહનો પણ ખરાબ થતાં હોઇ ચાલકોને મુસાફરી દરમ્યાન સંઘર્ષ કરવો પડે છે.વર્ષે દહાડે કરોડો રૂપિયાનો ટોલટેક્સ ખંખેરતી ખાનગી કંપની સામે લોકોમાં આક્રોશ પ્રવર્તી રહ્યો છે મોડાસા-શામળાજી હાઈવે રોડ ઉપર મોટા વાહનો બેફામ રીતે હંકારતા નિર્દોષ લોકોને અસ્કમાતમાં જીવ ગુમાવવો પડે છે.રોડ પર પડેલા ખાડાઓ અને ખાડાઓનું સમારકામ કરવા અપાયેલ ડાયર્વઝન લઈ અસ્કમાતનું પ્રમાણ વધી ગયું છે. થોડી દિવસ પહેલા પણ ગાજણ કંપા નજીક લોકોર હાઈવે ચક્કાજામ કર્યો હતો ત્યારે શનિવારે રાત્રે હાઈવે પર પડેલા ખાડાઓના પગલે કાર પલ્ટી જતા લોકોએ જીવણપૂર ગામ નજીક સમારકામ ઝડપથી પૂર્ણ કરવામાં આવેની માંગ સાથે લોકોએ ચક્કાજામ કરતાં પોલીસ ઘટના સ્થળે આવી પહોંચી હતી.અને ટ્રાફિક ને હળવો કર્યો હતો.ગામ લોકોને સમજાવી ટ્રાફિક હળવો કરાતા વાહનોની અવર-જવર શરૂ થઈ હતી. કલાકો સુધી હાઈવે ચક્કાજામ થતાં વાહન ચાલકો કંટાળી ગયા હતા.આમ જીવણપુર પાસે હાઈવે ચક્કાજામ કરાતાં મોટીસંખ્યામાં ગ્રામજનો હાઈવે રોડ ઉપર ઉમટી પડયા હતા.



આજ રોજ **R J Vishal sir** (આર, જે ,વિશાલ જી) **Sir** ના જન્મ દિવસ ઉજવણી ડિઝાયર ફાઉન્ડેશન દ્વારા કલાપી નગર ઓમ નગર મેઘાણીનગર અસારવા અમદાવાદ વિસ્તારના ૫૦ જરૂયાત મંદ વ્યક્તિઓન માસ વિતરણ કરવામાં આવ્યા જેમાં પડેલ સાઈકલ, પડેલ લારી ,ને જરૂયાત મંદ વ્યક્તિ ને માસ વિતરણ કરવામાં આવ્યા

# સોમનાથ દાદાને શિશ ઝુકાવતા મુખ્યમંત્રી વિજય રૂપાણી



(વિશાલ ઘીયા દ્વારા) વેરાવળ તા.૧૦: મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી આજે સાંજે દેવાધિદેવ સોમનાથ મહાદેવના દર્શન પૂજન માટે આવતા સોમનાથ હેલીપેડ ખાતે તેમણે ઉતરાણ કર્યુ હતું. મુખ્યમંત્રીને હેલીપેડ ખાતે સાંસદ રાજેશભાઇ ચુડાસમા, જિલ્લા ભાજપ પ્રમુખ ઝવેરીભાઇ ઠકરાર, રેન્જ ડી.આઇ.જી. મનીન્દર સિંહ પવાર, જિલ્લા કલેકટર અજયપ્રકાશ, જિલ્લા પોલીસ વડા રાહુલ ત્રીપાઠીએ આવકાર્યા હતા. મુખ્યમંત્રી સોમનાથ ખાતે રાત્રી રોકાણ કરી તેમના ધર્મપત્નિ અંજલીબેન રૂપાણી સાથે સોમનાથ મહાદેવના દર્શન પૂજન કરશે.

## મુખ્ય મંત્રીશ્રી વિજય ભાઈ રૂપાણી સોમવારે

# ૩ આદર્શ નિવાસી કન્યાશાળા તેમજ ૫ ડૉ.બાબા સાહેબ આંબેડકર કુમાર છાત્રાલયના ઇ -લોકાર્પણ ગાંધીનગરથી કરશે

મુખ્ય મંત્રીશ્રી વિજય ભાઈ રૂપાણી સોમવારે ૧૩ જુલાઈએ રાજયના અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓને અભ્યાસ સાથે રહેવા જમવાની સુવિધા સરકાર દ્વારા વિના મૂલ્યે ઉપલબ્ધ કરાવતા ૩ આદર્શ નિવાસી કન્યાશાળા તેમજ ૫ ડૉ.બાબા સાહેબ આંબેડકર કુમાર છાત્રાલય ના ઇ -લોકાર્પણ ગાંધીનગર થી કરશે.

રાજયના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા ૬૧.૭૫ કરોડ રૂપિયા ના કુલ ખર્ચે આ નવા સંકુલો નિર્માણ પામ્યા છે

મુખ્યમંત્રીશ્રી આ ઇ-લોકાર્પણ અન્વયે અનુસૂચિત જાતિ ની દીકરીઓ માટે વડોદરા જિલ્લામાં ૧ તેમજ આણંદના બાકરોલ માં ૧ એમ બે આદર્શ નિવાસી કન્યાશાળા તથા નવસારીના જલાલપોર માં વિકસતી જાતિઓની દીકરીઓ ના અભ્યાસ આવાસ માટે ૧ આદર્શ નિવાસી કન્યાશાળા ખુલ્લી મૂકશે.

રાજય ના અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસ સાથે એક પણ બાળક અભ્યાસથી વંચિત ન રહે તે માટે સરકારી છાત્રાલય તેમજ આદર્શ નિવાસી શાળાની યોજના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ મારફતે શરૂ કરવામાં આવેલી છે

શ્રી વિજય ભાઈ રૂપાણી આ યોજના અંતર્ગત જે ૫ ડો.બાબા સાહેબ આંબેડકર કુમાર છાત્રાલય ના લોકાર્પણ સોમવારે કરવાના છે તેમાં અનુસૂચિત જાતિ ના વિદ્યાર્થીઓ માટે ગાંધીનગર જિલ્લામાં ૧ અને આણંદ ના બાકરોલમાં એક પી.જી હોસ્ટેલ સહિત ૪ અને ભાવનગર ના મહુવામાં વિકસતી જાતિ ના છાત્રો માટે ૧ છાત્રાલય નો સમાવેશ થાય છે. .આ નવ નિર્મિત સંકુલોમાં ૧૨૦૦ વિદ્યાર્થી વિદ્યાર્થિની ને રહેવા જમવા અને અભ્યાસ ની સગવડ મળશે.

રાજયમાં હાલ ૬૧ આદર્શ નિવાસી શાળાઓ અને ૧૪૩ સરકારી છાત્રાલયોમાં અનુસૂચિત જાતિના ૭૦૦૨ અને વિકસતી જાતિના ૭૭૭૧ મળી સમગ્રતયા ૧૪૭૭૩ છાત્રો ને સરકાર વિના મૂલ્યે આવાસ અભ્યાસ અને ભોજન સુવિધા આપી રહી છે

એટલું જ નહિ, અનુસૂચિત જાતિ ,અનુસૂચિત જનજાતિ, વિકસતી જાતિ તેમજ આર્થિક રીતે પછાત વર્ગ ના વિદ્યાર્થીઓ એક જ છત નીચે રહીને અભ્યાસ કરી શકે તે હેતુસર બનાવવામાં આવેલા ૧૮ સમરસ છાત્રાલયો માં ૧૨૫૦૦ વિદ્યાર્થીઓ લાભ મેળવી રહ્યા છે.




## જુલાઈમાં કોરોના અરવલ્લીમાં ઘાતક બન્યો

# સરેરાશ દરરોજ એક વ્યક્તિને કોરોના ભરખી જતા લોકોમાં ફફડાટ,મોડાસામાં કોરોના બેકાબુ

અરવલ્લી બ્યુરો

અરવલ્લી જિલ્લામાં કોરોનાનો ત્રીજો તબક્કો શરૂ થઈ ગયો છે ત્યારે અનેક લોકો રોજબરોજ નિયમોનો ભંગ કરીને ફરતા હોવાને કારણે પોઝેટીવ કેસની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે જુલાઈ માસમાં કોરોના લોકો માટે કાળમુખા સાબિત થઈ રહ્યો છે સરેરાશ કોરોના દરરોજ એક વ્યક્તિને ભરખી રહ્યો છે ૧૨ દિવસમાં કોરોનાથી ૯ લોકોના મોત સરકારી ચોપડે નોંધાઈ ચુક્યા છે રવિવારે મોડાસાની કોવીડ-૧૯ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ચેતનભાઈ શાહ નું કોરોના થી મોત નિપજતા તેમજ મોડાસા શાહી કોટ વિસ્તારમાં રહેતા અને શંકાસ્પદ દર્દી તરીકે દાખલ અબ્દુલ રહેમાન ચુડગર નામના વૃદ્ધનું મોત નિપજતા મોડાસા શહેરમાં ફફડાટ ફેલાયો છે જીલ્લામાં વધુ બે કોરોનાના પોઝેટીવ કેસ નોંધાતા ૨૬૮ પર પહોંચ્યો છે જીલ્લામાં આરોગ્ય તંત્ર કોરોનાને કાબુ લેવામાં નિષ્ફળ રહેતા કોરોનાનું સંક્રમણ બેકાબુ બની રહ્યું છે જીલ્લામાં સરકારી ચોપડે નોંધાયેલ કોરોનાના મોતને લઈને રમત ચાલી રહી હોય તેવું લોકો અહેસાસ અનુભવી રહ્યા છે . મોડાસા શહેર સહીત અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ સાથે મૃત્યુ આંક પણ ઝડપથી વધી રહ્યો છે કોરોનાનો મૃત્યુ આંક ઘટાડવામાં આરોગ્ય તંત્ર હવાતિયાં મારી રહ્યું હોય તેમ દિન-પ્રતિદિન કોરોનાગ્રસ્ત દર્દીઓ મોતને ભેટી રહ્યા છે મોડાસા શહેરમાં શંકાસ્પદ દર્દીઓની મોતની સંખ્યા ઝડપથી વધી રહયા છે.જે ચિંતાનો વિષય બની રહયો છે.હાલ ચોમાસુ શરૂ થઈ ગયું છે.જેથી આ ઋતુમાં ડેન્ગ્યુ,મેલેરિયા અને પાણીજન્ય રોગચાળાનો ખતરો પણ રહે છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં કોરોના ના કુલ કેસનો આંક ૨૬૮ ને પાર થઈ ગયો છે.જેમાં અડધોઅડધ કેસ માત્ર છેલ્લા ૪૨ દિવસમાં જ નોંધાયા છે.અરવલ્લી માં કોરોનાનો સૌપ્રથમ કેસ ૧૬ એપ્રિલના રોજ નોંધાયો હતો.આમ અરવલ્લી જિલ્લો કોરોના વાયરસના ભરડામાં સંપડાઈ જતાં જિલ્લાવાસીઓમાં ફફડાટ અને ડર પેદા થયો છે.લોકલ સંક્રમણ નું જોર વધતાં લોકો રોજબરોજ કોરોનામાં સંપડાય છે.જે ચિંતાનો વિષય બની ગયો છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.